Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

सेव्यः सदा सद्गुरु कल्पवृक्षः

जैनो संघश्चतुर्धा भवतु विविधसद्ज्ञानसंपद्विलासी
श्रेयः सामाजिकं यद्विलसतु सततं तत्र पूर्णप्रभावि ।
भक्ति श्रीमद्गुरूणां प्रसरतु हृदये भावपूर्णप्रकाशा
'आत्मानन्द प्रकाशं' ह्यभिलषति सदा मासिकं चेतसीति ॥१॥

पु. १६. } वीर सं. २४४५–माघ. आत्म सं. २३ } अंक ७ मो.

प्रकाशक–श्री जैन आत्मानन्द सभा–भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| નંબર. | વિષય. | પૃષ્ટ. | નંબર. | વિષય. | પૃષ્ટ |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી જિનવર સ્તુતિ. ... | ૧૬૩ | ૬ | જૈનોમાં માધ્યમિક અને ઉંચી કેળવણીનો પ્રચાર કરવાની આવશ્યકતા | ૧૭૩ |
| ૨ | કેટલાક પ્રાસ્તાવિક શ્લોકો... | ૧૬૪ | ૭ | અન્યોક્તિ સપ્તક. ... ... | ૧૭૭ |
| ૩ | અષ્ટાંગ યોગ. ... ... | ૧૬૫ | ૮ | જ્ઞાતિસંસ્થા વિષે વિચારણીય મુદ્દાઓ | ૧૭૮ |
| ૪ | કર્મકુલક વ્યાખ્યા–કર્મનું અસ્તિત્વ અને તેનો અતુલ પ્રભાવ | ૧૬૬ | ૯ | વર્તમાન સમાચાર. ... ... | ૧૮૩ |
| ૫ | સ્વાશ્રયી બનો. ... . | ૧૬૮ | ૧૦ | ગ્રંથાવલોકન. ... ... ... | ૧૮૬ |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નીચેના ગ્રંથો છપાવવા માટે ( ભાષાંતર ) તૈયાર થાય છે.

( પ્રસિદ્ધ કરવા માટે—જ્ઞાનોદ્ધારના કાર્યના ઉત્તેજન માટે સહાયની અપેક્ષા છે. )

૧. **શ્રી દાનપ્રદીપ** ( મહોપાધ્યાય શ્રી ચારિત્રગણી કૃત ) દાનગુણનું સ્વરૂપ ( અનેક કથાઓ સહિત ) જણાવનાર.

૨. **શ્રી મહાવીરચરિત્ર** ( શ્રી નેમીચંદ્ર સૂરિ કૃત ) આ ગ્રંથ ઘણો પ્રાચીન છે બારમા સૈકામાં તે લખાયેલ છે. પાટણના ભંડારની તાડપત્રની પ્રત ઉપરથી અમોએ મૂલ છપાવેલ છે. અપૂર્વ ચરિત્ર છે.

૩. **શ્રી વિમલનાથ ચરિત્ર** ( શ્રી જ્ઞાનસાગરસૂરિ કૃત ) અપૂર્વ ચરિત્ર.

૪. **શ્રી ઉપદેશ સપ્તતિકા** ( શ્રી સોમધર્મગણિ વિરચિત )

૫. **શ્રી ધર્મદેશના** ( અપૂર્વ કથાનક ગ્રંથ )

૬. **સંબોધ સપ્તતિ** શ્રી રત્નશેખરસૂરિ વિરચિત અનેક ધર્મની હકીકતો જણાવનારો ગ્રંથ.

ઉપરના ગ્રંથો રસિક બોધદાયક અને ખાસ પઠનપાઠન કરવામાં ઉપયોગી છે; તેટલુંજ નહિ પરંતુ વાચકોને આનંદ સાથે ધર્મનું જ્ઞાન પ્રાપ્ત થાય તેવા છે. દરેક ગ્રંથોનું ગુજરાતી ભાષાંતર તૈયાર થાય છે. દ્રવ્ય સહાયની અપેક્ષા ( જરૂર ) છે. જ્ઞાનોદ્ધાર કરવાના ઉત્સાહી બંધુઓએ આવા જ્ઞાનોદ્ધારના કાર્યને સહાય આપી મળેલ લક્ષ્મીને સાર્થક કરવાનું છે. વર્તમાન સમયમાં ધર્મના આવા સારા સારા ગ્રંથો પ્રસિદ્ધ કરી, કરાવી ધર્મનો ફેલાવો તે વડે કરવાની આ અમૂલ્ય તક છે. વળી બહોળા પ્રમાણમાં મુનિમહારાજાઓ, સાધ્વીમહારાજ અને જ્ઞાનભંડાર વિગેરેને ( વગર કિંમતે ) ભેટ અપાય છે. સહાય આપનારને તે લાભ સાથે તેનો જે નફો આવે તે તેવાજ જ્ઞાનખાતામાં ઉપયોગ થાય છે જેથી લાભ લેવા જેવું છે.

---

# શ્રી ગુરૂગુણમાળા યાને ( ગુરૂગુણછત્રીશિ )

## ( મૂળ સાથે ભાષાંતર. )

### ( અનુવાદક શ્રીમાન્ કર્પૂરવિજયજી મહારાજ. )

પ્રાતઃસ્મરણીય શ્રી નવકારમંત્રના ત્રીજા પદ શ્રી આચાર્ય ભગવાનના છત્રીશ ગુણો શાસ્ત્રકારે કહ્યા છે, તે સાથે તેવીજ છત્રીશ છત્રીશી એટલે ૧૨૯૬ ગુણો આચાર્યમહારાજના છે, તેમ પણ કહેલ છે; તે ગુણો એવા તો અલૌકિક છે કે જે વાંચતાં આચાર્યપદના સ્વરૂપનું જાણુ થવા સાથે આત્માને અધ્યાત્મિક આનંદ પ્રાપ્ત થાય છે, બાળજીવોના ઉપકાર નિમિત્તે કરેલી શ્રી પૂર્વાચાર્યની આ કૃતિ અલ્પજ્ઞ સમજી શકે તે માટે ભાષાંતર પણ સાથે આપવામાં આવ્યું છે. ભાષાંતર પણ સરલ અને શુદ્ધ શ્રીમાન્ કર્પૂરવિજયજી મહારાજે કરેલું છે જે ગ્રંથ હાલમાં અમારા તરફથી પ્રસિદ્ધ થયો છે. જે ખાસ વાંચન અને મનન કરવા યોગ્ય છે. કિંમત માત્ર મુદ્દલ રૂા. ૦–૬–૦ રાખવામાં આવી છે. પોસ્ટેજ જુદું. અમારે ત્યાંથી મળશે.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

इहहि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय-
पदार्थ परिज्ञानेयत्नो विधेयः ॥

पुस्तक १६ ] वीर संवत् २४४५ माघ. आत्म संवत् २३. [ अंक ७ मो.

## श्री जिनवर स्तुति.

### શિખરિણી.

પ્રસારે સત્શાસ્ત્રો જગતમહિં જેના સદ્ગુણો,
વધારે છે દેવો સતત મહિમા જે પ્રભુતણો;
અવિકારી કિંતુ પ્રભુજી નિજ આનંદ ધરતા,
અમારે હો નિત્યે જીનવરતણું શર્ણ સુખદા.

V. M. Shah.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કેટલાક પ્રાસ્તાવિક શ્લોકો.

## પદ્યાત્મક ભાષાંતર સહિત.

( અનુસંધાન ગતાંક પૃષ્ટ ૧૩૯ થી )

લેખક—શ્રીયુત કુબેરલાલ અંબાશંકર ત્રીવેદી—ભાવનગર.

लक्ष्मि क्षमस्व वचनीयमिदं दुरुक्त, मंधीभवंति पुरुषास्तदुपासनेन ।
नोचेत्कथं कमलपत्र विशाल नेत्रो, नारायणः स्वपिति पन्नगभाग तल्पे ॥

હરિગીત.

હે લક્ષ્મી આ અપશબ્દ માટે તું ક્ષમા કરજે મને,
તારા ઉપાસનથી ખરેખર આંધળા લોકો બને;
નહિ તો કમલના પત્ર સરખા નેત્રવાળા શ્રીહરિ,
સિંધુ વિષે કો' કેમ પોઢે સર્પની શય્યા કરી.

जन्मेदं व्यर्थतां नीतं भवभोगोपलिप्सया ।
काच मूल्येन विक्रीतो हन्त चिन्तामणिर्मया ॥

ઉપજાતિ.

કાઢયો વૃથા મેં નરજન્મ મારો, શોધી ન લીધો કંઇ સાર સારો;
સંસારનો ભોગ સદૈવ ભાળ્યો, ચિંતામણિ કાચ મુલે ગુમાવ્યો,

सानन्दं सदनं सुताश्च सुधियः कांता न दुर्भाषिणी,
इच्छापूर्ण धनं स्वयोषिति रतिश्चाज्ञापराः सेवकाः ।
आतिथ्यं शिवपूजनं प्रतिदिनं मिष्टान्नपानं गृहे,
साधोः संगमुपासते हि सततं धन्यो गृहस्थाश्रमः ॥

છપ્પો.

બુદ્ધિશાળી સુત મધુર વદનારી નારી, ઇચ્છાપૂરણ દ્રવ્ય સેવકો આજ્ઞાકારી;
જમવા શુભ મિષ્ટાન્ન અતિથિપૂજન થાયે, સ્વસ્ત્રીમાં બહુ સ્નેહ ઘેર આનંદ વરતાયે;
વળી સોબત સાધુ પુરૂષની, પ્રભુ–પૂજન નિત્ય થાય છે;
ધન્ય ધન્ય તે નરતણો ગૃહસ્થાશ્રમ કહેવાય છે.

क्रोधान्धाः शिशवः सवारि सदनं पंकाप्लुतंचांगणम्,
शय्या दंशवती च रूक्षमशनं धूमेन पूर्ण गृहम् ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



भार्या निष्ठुर भाषिणी प्रकुरुते क्रोधांध दृष्टिं सदा,
स्नानं शीतल वारिणा हि सततं धिग् धिग् गृहास्थाश्रमम् ॥

છપ્પો.

ક્રોધી કુડા પુત્ર આંગણું કચરાવાળું, શય્યા માંકડપૂર્ણ સદન ભીનું ભેજાળું;
લુખું ભોજન રોજ રહે ઘર ધુમાડાળું, કડવાબોલી નાર જુવે મુખ કરી ક્રોધાળું.
વળી શીતળ જળ મળતું સદા ન્હાવાને જેને અરે,
ધિક્ ધિક્ તે નરતણા ગૃહસ્થાશ્રમને તો ખરે.

दुखांगारक तीव्रः संसारोऽयं महानसो गहनः ।
इह विषयामृत लालस मानस मार्जार मा निपत ॥

ચોપાઇ.

ગહન રસોડું આ સંસાર, દુઃખરૂપી માંહિ અંગાર;
વિષયામૃતમાં આણી પ્યાર, ઝંપલાવે છે મન માર્જાર.

( ચાલુ )

## અષ્ટાંગ યોગ.

( રચનાર—રા. રા. શ્યામજી લવજી ભટ્ટ–વરલ નિવાસી. )

હરિગીત–(ગઝલ).

સાર્થક કંઇ કીધું નહિ, જગ જન્મ ધાર્યે શું થયું;
ભવની ભટક ટાળી નહિ, નરદેહ પામ્યે શું થયું ?
મણુકા નિરંતર ફેરવ્યા, પણ ફેર ના મનના મટ્યા;
ઝણુરવ ન રોમ પ્રતિ ઉઠ્યા, જપમાળ ઝાલ્યે શું થયું ?
કદિએ સહનશીલ ના થયા, દિલના વિકારો ના દહ્યા;
પરિતાપ ના પરના હર્યા, તનને તપાવ્યે શું થયું ?
મનમેલને ધોયા નહિ, દિલમાં દયાર્દ્ર થયા નહિ;
શ્રમ તાપ ત્રિવિધ શમ્યા નહિ, તો તીર્થ સ્થાને શું થયું ?
કામાદિ શત્રુનું શમન, કીધું નહિ ઇંદ્રિય દમન;
વિષ વિષયનું ન થયું વમન, વ્રત નિયમ ધાર્યે શું થયું ?
બોલાવી શ્રુતપ્રિય કરી ધ્વનિ, કો અન્નના અભ્યર્થિની;
જ્વાલા ન ઓલવી જઠરની, ઘૃત હોમ કીધે શું થયું ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી ઇષ્ટપદ પંકજ મહીં, દઢ ચિત્ત તો ચોંટયું નહિ;
જીત્યું દઢાસન મન નહીં, અષ્ટાંગ યોગે શું થયું ?
નિજ આત્મવત્ સચરાચરે, લવ ભાવના થઈ ના ઉરે;
ક્ષણુ પણુ ન "શ્યામ" સ્ફુર્યા ઉરે, જ્ઞાને શું ધ્યાને શું થયું ?

દોહરો.

જપ તપ તિરથ વૃત્ત મખ, યોગ જ્ઞાન ને ધ્યાન;
આ અષ્ટાંગ સુયોગથી, પામે પદ નિર્વાણ.

# કર્મકુલક વ્યાખ્યા—કર્મનું અસ્તિત્વ અને તેનો અતુલ પ્રભાવ.

૧ ત્રિભુવનમાં એક અદ્વિતીય વીર એવા શ્રી મહાવીરદેવને જો કર્મનું અસ્તિત્વ ન હોત તો ઘોર–ભયંકર ઉપસર્ગ કેમ થાત ?

૨ વીરભગવાનને કેવળજ્ઞાન ઉત્પન્ન થયા છતાં પણુ જો કર્મની પ્રબળ સત્તા વિદ્યમાન ન હોત તો મિનુક ગામમાં અતિ આકરો એવો અતિસાર રોગ કેમ પેદા થયો ?

૩ વીરપ્રભુને અસ્થિક ગામમાં શૂળપાણિ યક્ષથકી જે વિવિધ વેદના ( અઘોર ઉપસર્ગરૂપે ) થવા પામી તે કર્મનું અસ્તિત્વ સિદ્ધ કરે છે.

૪ જો કર્મનું અસ્તિત્વ ન હોય તો મહાવીરસ્વામીના બંને કાનોમાં આકરા ખીલા ગોવાળે કેમ ઠોકયા ? તેમજ વળી,

૫ વીરભગવાનને સંગમે વીશ ઘોર ઉપસર્ગો કેમ કર્યા ?

૬ ગજસુકુમાલને માથે તેના સાસરા સોમીલે ખેરઅંગારા કેમ ક્ષેપવ્યા ?

૭ ખંદગસૂરિના શિષ્યોને પાપી પાલકે યંત્રમાં કેમ પીલ્યા ?

૮ સનત્ કુમાર ચક્રવર્તી પ્રમુખ સુસાધુઓને વ્યાધિ–વેદના કેમ થવા પામી ?

૯ કૌશાંબીનગરીમાં સમૃદ્ધિમાન્ છતાં નિગ્રંથ ને આકરી ચક્ષુ ( આંખ ) ને વેદના કેમ થઈ ?

૧૦ નમિરાજાને પણુ મહા દાહજ્વર ( અને સ્ત્રીના વલયના ખડખડાટથી અતિ દુ:સહ પરિતાપ ) કેમ થવા પામ્યો ?

૧૧ સોળ હજાર જક્ષ–દેવોથી સેવાતા છતાં બ્રહ્મદત્ત ચક્રવર્તીને અતિ આકરૂ અંધાપણું કેમ પ્રાપ્ત થયું ?

૧૨ આ ભરતક્ષેત્ર ( ભૂમિ ) માં ભારે મોટા પુન્યના ભંડાર એવા પણુ વીરભગવાન્ નીચ ગોત્રમાં ( સ્વર્ગથી ચ્યવીને ) કેમ ઉપન્યા ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૩ મહા સમૃદ્ધિવંત-યશસ્વી અવંતીસુકુમાલનું અંગ-શરીર ઉજ્જયની નગરીમાં શીયાલણીએ કેમ ખાધું-ભક્ષણ કર્યું ?

૧૪ શુદ્ધ શીલવંતી સતી દ્રૌપદીને પાંચ પાંડવોરૂપ પાંચ ભર્તાર કેમ થયા ?

૧૫ ઉત્તમ કુળમાં ઉપજેલા છતાં મૃગાપુત્રાદિક કઇક જીવોને નરક જેવાં મહાદુઃખ કેમ સહન કરવાં પડ્યાં ?

૧૬ વિશાળ રાજવંશમાં ઉત્પન્ન થયા છતાં વસુદેવાદિક કઇક રાજપુત્રોને ભરયૌવનવયે ભ્રમણ કેમ કરવું પડયું ?

૧૭ કૃષ્ણ વાસુદેવના પુત્ર અને નેમીશ્વર મહારાજના ખુદ અંતેવાસી શિષ્ય છતાં ઢંઢણમુનિને નિર્દોષ ભિક્ષા કેમ ન મળી ?

૧૮ વનમાં એકલા પડેલા શ્રીકૃષ્ણ વાસુદેવનું મરણ પોતાનાજ ભાઈ જરાસિંહના હાથે કેમ થવા પામ્યું ?

૧૯ ( ગંગા નદી ઉતરવા જતાં ) નાવ ઉપર આરૂઢ થયેલા શ્રી વર્ધમાનસ્વામીને સુદંષ્ટ્રદેવે કેમ ઘોર ઉપસર્ગ કર્યો ?

૨૦ તીર્થંકર છતાં શ્રી પાર્શ્વનાથ ભગવાનને ( દીક્ષા બાદ કાઉસ્સગ ધ્યાને વર્તતાં ) કમઠ-મેઘમાળીદેવે કેમ ઘોર ઉપસર્ગ કર્યો ?

૨૧ સુખશાતા અને સૌભાગ્ય લીલાવડે સર્વોપરી એવા અનુત્તર વિમાનવાસી દેવો ત્યાંથી ચ્યવી મૃત્યુલોકમાં કેમ જન્મ લે છે ?

સાર—ઉપર ટાંકેલા ચિત્તને ચમકાવે એવા દાખલા ઉપરાન્ત આ દુનીયામાં થતા અનેકવિધ પરાવર્તનો અને આપણી જાતમાંજ થતા અનેક વિચિત્ર બનાવોના સ્વાનુભવથી એ વાત નિર્વિવાદ સિદ્ધ થઈ શકે છે કે કર્મની ગતિ-સ્થિતિ અને તેનો પ્રભાવ ન કળી શકાય એવો અનાદિ, અકળ અને અતુલ છે, તેમ છતાં જો પાંચે સમવાય કારણો ( કાળ, સ્વભાવ, નિયતિ, પૂર્વકર્મ અને પુરૂષાર્થ ) ની અનુકૂળતા થઇ આવે તો આત્મા, સકળ સાંસારિક બંધનોને તોડવા માર્ગાનુસારી બની સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રબળને મેળવી, અનુક્રમે રાગદ્વેષાદિક દુશ્મનોને હઠાવી, તેમનો ક્ષય કરી, સર્વજ્ઞ સર્વદર્શી થઇ, અધિક આયુષ્યસ્થિતિ હોય તો પૃથ્વીતળ ઉપર વિચરી અનેક ભવ્યાત્માઓ ઉપર અમાપ ઉપકાર કરી તેમને પણ આ ભવોદધિથી તારી સકળ દુઃખ-ઉપાધિરૂપ સંસારપરંપરાનો ઉચ્છેદ કરી, શાશ્વત મોક્ષપદને પામે છે. ઇતિશમ્. લી० મુનિરાજશ્રી કર્પૂરવિજયજી મહારાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્વાશ્રયી બનો.

લે૦ વિઠ્ઠલદાસ મૂલચંદ શાહ બી. એ.

( અનુસંધાન ગતાંક પૃષ્ટ ૧૫૦ થી )

જે મનુષ્યો પોતાનાં લક્ષ્યસ્થાન તરફ હમેશાં દૃષ્ટિ રાખે છે અને ત્યાં પહોંચવાની પોતાની શક્તિમાં જેઓની શ્રદ્ધા વધારે અને વધારે દૃઢીભૂત થતી જાય છે. તેઓ જ સ્વીકૃત કાર્યો સિદ્ધ કરવા સમર્થ બની શકે છે. વિજયના અથવા કાર્યસિદ્ધિના ધોરણને વળગી રહેવામાં અને અંગીકૃત કાર્ય સાધવાની પોતાની શક્તિમાં શ્રદ્ધાને સંપૂર્ણ રીતે ટકાવી રાખવામાંજ સર્વસ્વ રહેલું છે. હજારો માણુસો પોતાના કાર્યમાં નિષ્ફળ થાય છે, કેમકે નિષ્ફળતા પ્રાપ્ત થશે એવા વિચારથી નિરાશ થઇ કાર્ય અધવચથી તજી દે છે. તેઓ એવાનિશ્ચયપર આવે છે કે ભાગ્ય વિરૂદ્ધ હોવાથી વિશેષ યત્ન નિરૂપયોગી છે.

તમને અનુભવગમ્ય હશે કે જ્યારે કોઇ પણ માણુસ પોતાની મિલ્કત ગુમાવે છે અથવા વ્યાપારમાં તેને મોટી ખોટ જાય છે ત્યારે પણ જો તે હિંમત અને નિશ્ચયને ગુમાવતો નથી તો ઘણી જ ત્વરાથી પુન: પોતાના પગ ઉપર ઉભો રહી શકે છે. વસ્તુત: હકીકત એ છે કે જે મનુષ્ય હિમતવાન નથી હોતો તેનું ભાગ્ય અત્યંત ઉગ્ર હોતું નથી. એવો એક નિયમ છે કે હિંમતના નાશની સાથે ઉચ્ચગામી થવાના ગુણોનો સદંતર નાશ થાય છે મૃત્યુ વશ થયેલી અથવા નિર્બળ માછલી પ્રવાહની સાથે તરે છે; પરંતુ પ્રબળ પ્રવાહની સામે તો ચપલ અને ચાલાક માછલીજ તરી શકે છે. નિષ્ફળતાના કારણોનું જો આપણે પૃથક્કરણ કરીએ તો આપણને જણાશે કે માલ મિલ્કતના નુકશાન કરતાં આત્મ-શ્રદ્ધાના નુકશાનથી મનુષ્યો મોટા પ્રમાણમાં નિષ્ફળતા પ્રાપ્ત કરે છે. ચારિત્ર્યને એક બાજુએ રાખીને કહીએ કે આત્મશ્રદ્ધાના નુકશાન સમાન અન્ય કોઇ નુકશાન નથી તો તે અયથાર્થ નથી; કેમકે આત્મ-શ્રદ્ધા રૂપી પાયો જર્જરિત અને નષ્ટ થાય છે તો તેના ઉપર કશી ઇમારત બાંધી શકાતી નથી. પૃષ્ટવંશ વગર સીધા ઉભા રહેવાનું મનુષ્યને માટે અશકય છે. જ્યાં સુધી મનુષ્યમાં અવિચળ ધૈર્ય અને નિશ્ચય છે ત્યાં સુધી કોઇ પણ વસ્તુ તેને અધોગત કરવા સમર્થ નથી. નિશ્ચયબલવાળા મનુષ્યને કારાગૃહમાં કેદ કરવામાં આવે તો પણ બનીયનની માફક "પીલ્ગ્રીમ્સપ્રોગ્રેસ" જેવું અપ્રતિમ પુસ્તક રચી શકશે. કદાચ આ પ્રકારના મનુષ્યને દૃષ્ટિથી રહિત કરવામાં આવે તો પણ આંગ્લ કવિ મિલ્ટનની માફક 'પેરેડાઇઝ લૉસ્ટ' અને 'પેરેડાઇઝ રિગેઇન્ડ' જેવાં ઉચ્ચ કોટિના કાવ્યો જનસમાજ પાસે રજુ કરશે. જેવીરીતે વરાળને એક શીશીમાં ભરી રાખવાનું કાર્ય અસંભવિત છે તેવી રીતે શક્તિઓને કારાગૃહમાં પુરી રાખવાનું—દબાવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાખવાનું કાર્ય અશકય છે. આત્મ–શ્રદ્ધા મનુષ્યોને દેવ સમાન બનાવે છે; જેઓની ઈચ્છાઓને સૌ કોઈ સ્વભાવત: આધિન થાય છે.

આ જીવન નાટ્યમાં જે ભૂમિકા ભજવવાની તમને ઇચ્છા હોય તે ધારણ કરવામાંજ સર્વસ્વ રહેલું છે. તમારે વિજયી મનુષ્યની ભૂમિકા ભજવવી હોય તો તમારે એક વિજયી પુરૂષની માનસિક વૃત્તિ, બાહ્યાકૃતિ આદિ ધારણ કરવા જોઇએ.

જે રીતિથી એક વિજયી પુરૂષ પોતાનું જીવન વહન કરે છે તે પરથી તીક્ષ્ણ અવલોકન કરનાર માણસ તેને ત્વરાથી ઓળખી શકે છે. જો તે નેતા હોય છે તો તેનું નેતૃત્વ તેના પ્રત્યેક પદમાં અને પ્રત્યેક હિલચાલમાં દ્રષ્ટિગોચર થાય છે, તેના વર્તનમાં સર્વત્ર નિશ્ચય બળ દ્રષ્ટિગત થાય છે.જાણે કે તેણે પોતાની જાતપર આધિપત્ય મેળવ્યું હોય, જાણે કે કાર્યો સાધવાની તેની શકિતમાં તેને અવિચલ શ્રદ્ધા હોય તેમ તેની ગતિપરથી વ્યક્ત થાય છે. આત્મ-શ્રદ્ધાથી ઓતપ્રોત થયેલો તેનો બાહ્ય દેખાવ જ તેણે મેળવેલા વિજયનો સૂચક છે. એથી ઉલટું, દરેક કાર્યમાં નિષ્ફળ થતાં માણસને ચુંથી કાઢવાનું કાર્ય રહેલું છે. તેની ગતિમાં કોઇ જાતનો નિશ્ચય હોતો નથી, તેનામાં આત્મ-શ્રદ્ધાનો અભાવ છે એમ તેની ગતિપરથી સૂચન થાય છે. તે અસમર્થ છે એમ જ તેના પોશાક અને વર્તન પરથી સ્પષ્ટ પ્રતીતિ થાય છે. તેનું દૌર્બલ્ય તેની પ્રત્યેક હિલચાલમાં પ્રસરી રહેલું જણાય છે. વિજયી મનુષ્યના બંધારણમાં કશું અસંદિગ્ધ હોતુંજ નથી. તેનામાં સર્વત્ર નિશ્ચયજ જોવામાં આવે છે, તેને કોઈ પણ પ્રોત્સાહનની અપેક્ષા હોતી નથી. તે એકલો પોતાના પગપર ઉભો રહેવા શક્તિવાન છે. તે આપણા તરફ દૃષ્ટિ ફેરવે છે તેજ ક્ષણે વિજયશ્રીથી શોભિત થયેલો જણાય છે, કહેવા કરતાં કરી બતાવવું તેને વધારે પસંદ હોય છે, તેના મૌનમાં અદ્‌ભુત બળ રહેલું છે, અને આપણને પ્રતીત થાય છે કે તે જે કંઇ બોલે છે અથવા કરે છે તેની પાછળ એક પ્રકારની મહાન શક્તિ રહેલી છે. આથી ઉલટું જે માણસ કંઇપણ કાર્ય કદાપિ સાધી શકતો નથી અને જેનામાં શ્રદ્ધાનો કેવળ અભાવ છે એવા માણસમાં કશું સામર્થ્ય હોતું નથી, તેમજ તે અન્ય લોકોપર બલવાન છાપ પાડી શકતો નથી.

સર્વ શકિતઓને એકત્ર કરી વિશેષ બળવાન બનાવવાની અદ્‌ભુત શક્તિ આત્મ શ્રદ્ધામાં રહેલી છે. કોઇ માણસ ગમે તેટલો પ્રતિભા સંપન્ન હોય તો પણ જો તેનામાં આત્મ–શ્રદ્ધાનો અભાવ હોય છે તો તે તેની પ્રતિભાનો સારામાં સારો ઉપયોગ કદિ કરી શકતો નથી; કેમકે તે શક્તિ અને કાર્યનું ઐકય સાધી શકતો નથી. જે ઐકયની વિજય પ્રાપ્ત કરવામાં અનિવાર્ય અગત્ય છે, જીવનમાં ફત્તેહમંદ થવા માટે શક્તિની જેટલી જરૂર છે તેટલીજ આત્મ–શ્રદ્ધાની છે. જો તમારામાં આત્મ–શ્રદ્ધાનો અભાવ હોય તો તેની પ્રાપ્તિનો સૌથી સ્હેલો અને સરસ ઉપાય એ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે કે તે તમારામાં છે એમ તમારે ખાતરી પૂર્વક માનવું. આત્મ-શ્રદ્ધાથી ભરેલા બાહ્ય દેખાવ સહિત રહેવાનો આરંભ કરો. આમ કરવાથી તમે સ્વશક્તિમાં શ્રદ્ધાવાન બનશો, એટલુંજ નહિ પરંતુ તમારી શક્તિમાં શ્રદ્ધા રાખવાની તમે અન્ય લોકોને પ્રેરણા કરશો.

જ્યારે ગ્રાહકો આવતા નથી અને એક પણ વસ્તુનું વેચાણ થતું નથી, જ્યારે નોકરો કામકાજ વગર નવરા હોય છે, જ્યારે દુકાન ભાડું, નોકરના પગારો વિગેરે ખર્ચ ચઢતા જાય છે ત્યારે એક વ્યાપારીના સ્વભાવની અને શક્તિની ખરેખરી કસોટી થાય છે. તે કયી કોટિનો મનુષ્ય છે અને તેનામાં કેટલું સત્ય છે એ આપણે ત્યારેજ જોઇ શકીએ છીએ. જો તે નજીવી બાબતથી ચ્હીડાય છે, જો તે દરેક માણસને અને દરેક વસ્તુને દોષપાત્ર ગણે છે અને જો તે તેના દરેક કાર્ય અને શબ્દથી એમ સૂચવે છે કે આવા કઠિન સમયને માટે તેના નોકરોજ ઉપાલભ્ય છે તો એમ જાણવું કે તે હજુ જીંદગીના આત્મ--સંયમ આદિ ઉત્તમ પાઠો શીખ્યો નથી. જ્યારે ધંધો રોજગાર પુર જોસમાં ચાલતો હોય છે અને પ્રત્યેક વસ્તુ અનુકૂળ હોય છે ત્યારે આનંદી અને ખુશનુમાં રહેવું સ્હેલું છે; પરંતુ જ્યારે રોજગાર મંદ ચાલતો હોય છે, જ્યારે જમા બાજુ કરતાં ઉધાર બાજુ વધતી જતી હોય છે, જ્યારે દુઃખદ મુશીબતો એક પછી એક આવ્યા કરતી હોય છે ત્યારે આનંદી અને પ્રફુલ્લવદન થવામાં ધૈર્ય અને હિંમતની મહાન અપેક્ષા છે. મુશીબતો દૂર કરવાને સખત પ્રયાસ કરવામાં આવતો હોય છતાં પણ જ્યારે વ્યાપારમાં દરેક વસ્તુ પ્રતિકૂળ સ્વરૂપ ધારણ કરે છે, વ્યાપારમાં જે પ્રતિષ્ઠા જમાવતાં અનેક વર્ષો વ્યતીત થયા હોય છે તે પ્રતિષ્ઠા તમને ત્યજી દેતી હોય છે ત્યારે જગતની વસ્તુઓને તત્વ દ્રષ્ટિએ નિરખનાર માણસને માટે પણ પોતાના કુટુંબીઓની સાથે પ્રસન્નવદન અને અનુકૂળ રહી વર્તવાનું અત્યંત કઠિનતા ભર્યું છે; પરંતુ આવા વિકટ સમયમાં જ ખરેખરા વ્યાપારનિપુણ માણસે સંપૂર્ણ શાંતિ રાખવી જોઇએ. ઉલ્લાસિત આકૃતિ, આશાવંત અને શ્રદ્ધાજનક દેખાવ અને અડગ નિશ્ચય ધારણ કરવાથી ગમે તેવા પ્રતિકૂળ સંયોગમાંથી બહાર નીકળવું સુગમ છે; અને ચિંતા, શંકા અથવા ઔદાસીન્યના સ્હેજ બહિર્ભાવ માત્રથી પાયમાલી અને નિપાતન નિષ્પન્ન થાય છે. સેવકો પોતાના સેવ્યમાં શંકા, ચિંતા અથવા ભયાદિ લાગણીઓનો આવિર્ભાવ તત્પરતાથી શોધી શકે છે. જો સેવ્ય હતાશ અને ઉત્સાહરહીત બને છે તો સેવકોમાં પણ નિરાશા અને નિરૂત્સાહ પ્રસરી રહે છે. ગ્રાહકોપર પણ તે દુકાનના ઉદાસીન વાતાવરણની અસર થશે અને તેથી તેઓ અન્યત્ર જવા લલચાશે. વ્યાપારની મંદતા અને મુશ્કેલીના સમયમાં અનેક વ્યાપારીઓનો અધઃપાત થયેલો જોવામાં આવે છે, કેમકે પોતાની જાતપર અંકુશ કેમ રાખવો અને પોતાના ધંધાની સ્થિતિના સંબં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધામાં શંકા અને ભય કેમ છુપાવવા તેનું વ્યાપારીઓને જ્ઞાન હોતું નથી. નિરાશા અને નિરૂત્સાહ મહત્વાકાંક્ષાના મહાન ઉચ્છેદકો છે. નિરાશા અને નિરૂત્સાહનું એક ચેપી રોગની માફક જડમૂળથી ઉન્મૂલન થવું જોઇએ. પોતાનો ધંધો ઘણો ખરાબ ચાલે છે એવી નિરંતર વાતો કરનાર માણસ કદિ વિજયી નિવડયો હોય તેવું આપણા જાણવામાં નથી. કોઇપણ વસ્તુની કાળી બાજુનો કદિ પણ વિચાર ન કરો. નરમ બજાર અથવા વિકટ સમયની વાતો કરવાનું બંધ કરો. ઉર્ધ્વગામી થવાનીજ વાતો કરો. ઘણા મનુષ્યો દોષ દર્શી હોય છે, અને વારંવાર અસંતોષના ઉદગારો ઉચ્ચારે છે, આવા માણસોની દ્રષ્ટિએ ગમે તેવો સારો વખત પણ કઠિનજ ભાસે છે. કેટલાક મનુષ્યો નિરાશાવાદી બન્યા હોય છે, જેને પરિણામે તેઓ કોઇ પણ વસ્તુમાં પ્રકાશ કે વિજય જોઇ શકતા નથી. આવા લોકો સંપત્તિવાન થવાની આશા રાખતા હોય તો તે નિરર્થક છે. વિજય એ એક કોમલ લતા છે, જેને ઉત્તેજનરૂપી પ્રકાશના પોષણની પુરેપુરી જરૂર છે.

જે અનર્થકારક ઉપાધિઓથી તમે પરિવૃત થયા હો તે સર્વને પહોંચી વળવા તમે સબળ છો એમ માનો. તમારા સંયોગોપર આધિપત્ય પ્રાપ્ત કરતાં શીખો. આશાવંત અને ઉત્સાહી મનુષ્યોનીજ જગતમાં જરૂર છે. જે ભવિષ્યવેત્તાઓ સર્વત્ર સંકટ અને નિષ્ફલતા જુએ છે, તેઓના લેશ પણ જરૂર નથી. જે આશાવંત અને ઉલ્લાસિત સ્ત્રી પુરૂષો પોતાના કાર્યોમાં વિજય અને સફલતા જુએ છે તેઓના સહવાસમાં આવવા સૌ કોઇ તલસે છે. મેઘાચ્છાદિત વાતાવરણ કરતાં સૂર્ય પ્રકાશથી તેજસ્વી થયેલા વાતાવરણમાં જવાની આપણને સ્વાભાવિક ઇચ્છા થાય છે, વળી તેવી જ રીતે વક્રપ્રકૃતિ અને ઉદાસીન વૃત્તિવાળા લોકોનો સહવાસ ત્યજી દઈ સરલ પ્રકૃતિ અને પ્રસન્ન ચિત્તવાળા લોકોના સહવાસમાં આવવાની ઇચ્છાનો પ્રત્યેક વ્યકિતમાં સ્વાભાવિક ઉદ્ભવ થાય છે.

જે લોકોને ફત્તેહ મેળવવાની અભિલાષા હોય છે તેઓની આકૃતિમાં એક વિજેતાની નિશ્ચિતતાનો દેખાવ હોવો જોઇએ. લોકો આત્મ–શ્રદ્ધાથી સમન્વિત મનુષ્યોની મુક્ત કંઠે પ્રસંશા કરે છે, અને તેઓ લોકોના વિશ્વાસપાત્ર બને છે. લોકોને શંકા અને અસ્થિરતા પર સ્વાભાવિક તિરસ્કાર હોય છે. જેની માનસિક વૃત્તિ સમતોલ અને સ્થિર હોય છે તે માણસ જ વિજયી નીવડે છે. અશ્રદ્ધાથી જે મનુષ્ય કાર્યનો આરંભ કરે છે તે વિજયી થતો નથી. મજબૂત મનવાળા મનુષ્યો ઉત્સાહ અને વિશ્વાસની પ્રભા સર્વત્ર પ્રસારે છે. આ જીવન–કલહમાં જીતનાર મનુષ્યની બાહ્યાકૃતિમાં શ્રદ્ધા સર્વત્ર પ્રસરી રહેલી જોવામાં આવે છે. જે તેની શ્રેષ્ઠતાનું સૂચન કરે છે. તેનું વર્તન એક પ્રકારનું બળ પ્રેરે છે. બીજી બાજુએ પરાજિત મનુષ્યની બાહ્યાકૃતિમાં સંદિગ્ધતા અને વિશ્વાસના અભાવનુંજ ભાન થાય છે. તેના મુખપર કે તેની ગતિમાં કોઇ પણ પ્રકારની નિશ્ચિતતા જણાતી નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યારે તમને બુદ્ધિગમ્ય થાય કે તમે તમારી ઉગ્ર શક્તિઓને અનુસરીને કાર્ય કરો છો ત્યારે તમને તમારા હેતુમાંથી ચલાયમાન કરનારી કોઇ સત્તાને આધીન ન થાઓ. ગમે તેટલી મુશ્કેલીઓ આવે, તમે ધાર્યું હોય તે કરતાં તમારૂં કાર્ય વિશેષ કઠિન જણાય તો પણ અસ્થિર ચિત્ત બની પાછા ન હઠો. સ્વીકૃત કાર્યને અથવા હેતુને દઢતાથી વળગી રહો. જીવનમાં એવા અનેક સમય આવે છે કે જ્યારે ગુલાબ કરતાં કંટકો પુષ્કળ હોય છે તે વાત સ્મરણમાં રાખો. આવા સમયમાં જ તમારા બળનું અને તમારા મનુષ્યત્વનું પરીક્ષણ થાય છે. સંજોગો ગમે તેટલા નિરૂત્સાહજનક હોય તો પણ પરાજય સંભવિત છે, એવું કદાપિ કબુલ ન કરો. તમારી દૃષ્ટિને તમારા અંતિમ લક્ષ્યસ્થાન પ્રતિ નિરંતર ચોંટાડી રાખો, અને વિજય પ્રાપ્ત કરવાની તમારી શક્તિમાં તમારી શ્રદ્ધાને દઢીભૂત બનાવો. વિજયના ધોરણને વળગી રહેવાથી અને સ્વીકૃત કાર્ય સાધવાની સ્વશક્તિને ટકાવી રાખવાથી મનુષ્ય પોતામાં મહાન બળ રહેલું છે એમ સિદ્ધ કરી શકે છે.

કોઇ પણ મનુષ્ય તમારી આત્મ–શ્રદ્ધા દાબી ન દે એ ખાસ ધ્યાનમાં રાખો. સ્વપ્નમાં પણ ન ધારો કે નિષ્ફળતા અથવા પરાજય અસ્તિત્વ ધરાવે છે.

અનેક લોકો સ્વકાર્યોમાં નિષ્ફળતા પ્રાપ્ત કરે છે, કેમકે તેઓની આત્મશ્રદ્ધા અસ્થિર અને અદઢ હોય છે. જ્યાં સુધી તેઓ સ્વશક્તિ વિષે અનિશ્ચિત બને છે અને છેવટે વિજયી થવાની શક્તિ કે જે વગર કોઇ પણ મહાન કાર્ય સાધી શકાતું નથી તેમાં તેઓની શ્રદ્ધા લુપ્ત થાય છે ત્યાં સુધી અન્ય લોકો તેઓનાં મન શંકાશીલ અને ભયયુક્ત વિચારોથી ભર્યાં કરે છે તે તરફ તેઓ દુર્લક્ષ રહે છે.

તમે દારિદ્રયના ચક્રતળે દબાયલા હો, તમારા આસપાસના સંયોગો પ્રતિકૂળ હોય તો પણ તે વિષે લેશ પણ ચિંતા ન કરો, કેમકે એનાથી તમને વિશેષ પ્રયાસ કરવાનું પ્રોત્સાહન મળશે. દુઃખ અથવા દારિદ્રયની શક્તિની સામા થાઓ. તમે તમારા સંયોગોને પહોંચી વળવા સમર્થ છો એમ દઢતાપૂર્વક માનો. તમારા સંયોગોના તમે અધિપતિ છો એમ ખાતરી–પૂર્વક માનો, અને પરિસ્થિતિ તરતજ સુધરવા લાગશે. શક્તિની આ માન્યતાથી, વિજય પ્રાપ્ત કરવાની સ્વશક્તિમાં શ્રદ્ધાની આ દઢતાથી, જે ઉચ્ચતમ કોટિના વિજયને અવિચ્છેદ્ય જન્માધિકાર તરીકે ગણે છે તેવી ચિત્તવૃત્તિથી પ્રકૃતિ બળવતી બનશે અને જે શક્તિઓના સમૂહનો શંકા, ભય અને અશ્રદ્ધા વિધ્વંસ કરે છે તેને અપૂર્વ અને અદ્દભૂત બળ મળશે.

આ પ્રમાણે વિજય પ્રાપ્ત કરવાની સ્વશક્તિમાં શ્રદ્ધાને સનિશ્ચય વળગી રહેવાથી અનેક વ્યકિતઓએ મહાન કાર્યો સાધ્યાં છે, જેમ આપણે સ્વમાન અથવા સ્વપ્રતિષ્ઠાને વળગી રહેવા યત્ન કરીએ છીએ તેમ આ અમૂલ્ય જન્માધિકારને અવિચલિતપણે વળગી રહેવાનો યત્ન કરવા સૌ પ્રેરાઓ. ! એ અંતિમ. શુભેચ્છા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈનોમાં માધ્યમિક અને ઉંચી કેળવણીનો પ્રચાર કરવાની આવશ્યકતા.

જૈન કોમમાં માધ્યમિક અને ઉંચી કેળવણીનો અભાવ એટલો બધો છે કે આ વિષયમાં જ્યાં સુધી ઉંડા ઉતરી તેને લગતી વિગતો કોમ સનમુખ રજુ કરી શકાય નહિ ત્યાં સુધી તેનો ખરેખરો ખ્યાલ આવવો મુશ્કેલી ભરેલો લાગે છે. હાલના જમાનામાં આવી કેળવણીની જરૂરીઆતના સંબંધમાં તેની કીમત આંકવા સારૂ કોઇ પણ જાતનો ખ્યાલ જનસમુહને આપવાની ભાગ્યેજ આવશ્યકતા હોય છે. દરેક પ્રજાની અથવા તો કોમની નૈતિક તેમજ વ્યવહારિક અભિવૃદ્ધિ પર **પ્રાથમીક કેળવણીની** અસર ભાગ્યેજ થાય છે અને તેથીજ માધ્યમિક અને ઉંચી કેળવણી સંબંધી આપણી કોમની સ્થિતિ કેવા પ્રકારની છે અને આવી કેળવણી મેળવવા સારૂં કોમના મોટા ભાગને અગવડતાને લીધે જે સોસવું પડે છે તેનો વિચાર કરવાની જરૂરીઆત છે. ઉંચી કેળવણી તે ખરેખર એક નાશ નહિ પામે તેવી થાપણ છે, કે જે ખર્ચ કરવા છતાં પણ વધારે બદલો આપે છે. મનુષ્યને વિચારશીલ બનાવે છે અને બુદ્ધિને ખીલવવા સારૂ સૌથી ઉપયોગી ફરજ બજાવે છે. મનુષ્યને પોતાના જીવનની વધારે કિંમત છે તે જોતા શીખવે છે; એટલુંજ નહિ પરંતુ તે દૃષ્ટિ રાખીને દરેક કાર્ય તરફ મનુષ્ય માત્રને પોતાની ફરજ બજાવવા સારૂ તેને શીખડાવે છે અને દીર્ઘદૃષ્ટિને વધારે છે. મગજ અને હૃદયના જે ગુણો ખરેખરી મહાન પ્રજા બનાવવાને શક્તિમાન થાય છે તે ગુણોની પ્રાપ્તિને કેળવણીજ ફક્ત મજબુત કરે છે, જો કે કુદરતી સાધનો ઘણા મહત્વના છે તો પણ પોતાની મેળેજ સુધારાની ખાતરી આપી શકતા નથી તેથી આખી દુનીયામાં કેળવણીની આવી ઉચ્ચ કિંમત કરવામાં આવે છે. જે કોમના સાધન સંપન્ન શ્રીમંતો પોતાના પાછળ રહેલા સામાન્ય વર્ગને અજ્ઞાન દશામાં રહેલા જુએ છે અને તેમને ઉંચી કેળવણી પ્રાપ્ત કરવા સારૂ જોઇતી તકો આપવા સમર્થ થતા નથી તેઓ પોતાનું ઘર રેતીપર બાંધે છે, કારણ કે એક પ્રજાનું અથવા કોમનું ખરેખરૂ બળ તે તે કોમની કેળવણીજ છે. કેળવણી લેવા સારૂં ઘરની કેળવણી ઘણું સારૂ કામ કરી શકે, પરંતુ કમનશીબે સામાન્ય સ્થિતિના મનુષ્યો માટે ઘર એવી જગ્યા છે કે જે ઠેકાણે બાળક ભાગ્યેજ ઉચ્ચ કેળવણી માટે આશા રાખી શકે; કારણ કે શ્રીમંતોને બાજુએ રાખીએ તો સામાન્ય સ્થિતિના જનસમુહનો મોટો ભાગ જીવનના આસપાસના સંજોગોમાં એવો ગુંચાએલો રહેલો હોય છે કે પોતાના બાળકોને શીક્ષણ આપવા સારૂં ભાગ્યેજ ફુરસદ મેળવતો હોય છે. આખા દિવસની નોકરી અથવા પરાધીન પણાની ગુલામીથી કંટાળેલ મનુષ્ય બાળકપરની જે કાળજી અને ધ્યાન આપવાની ફરજથી, કેળવણી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપવા સારૂ જે ઉત્તમ્ પરિણામ લાવી શકે તે લાવવા ભાગ્યેજ શકિતમાન થાય છે અને ગરિબાઈને લીધે ઘણીજ ઓછી તક પોતાના બાળકો તરફ ધ્યાન આપવાને મેળવે છે. કેટલાક માબાપો નોકરી અથવા ધંધામાં એવા રોકાયેલા હોય છે કે સંજોગોજ તેમના ઉચ્ચ માનસિક અને નૈતિક પ્રયાસોને દાબી દે છે. સામાજીક મર્યાદા, અંકુશો અને વહેમમાં ફસાયેલ માતાઓ પોતેજ કેળવણી પામેલ હોતી નથી તે બચ્ચાઓને કેવી રીતે સુધારી શકે તે પણ એક પ્રશ્ન છે. બાળકોને શિક્ષણ આપવા સારૂ જે પૈસા ખર્ચવામાં આવે તેના કરતાં બાળક ક્યારે કમાતા શિખે એવી ચિંતા જો માબાપો રાખે તો ઉચી કેળવણી પોતાના બાળકોને કેવી રીતે આપી શકે ?

નિશાળની કેળવણી વિષે તપાસ કરતાં માલુમ પડે છે કે આપણી કોમમાં માધ્યમિક અને ઉંચી કેળવણીની જરૂરીઆતો તરફ ઉત્સાહભંગ કરી નાખે તેવી બેપરવાઇ બતાવાય છે તે ખેદજનક બીના છે. કારણ કે જૈન કોમની વસ્તીમાં મુંબઇ ઇલાકામાં ભણતા પ્રાથમીક, માધ્યમિક અને ઉંચી કેળવણી લેતા કોલેજોના વિદ્યાર્થીઓનું પ્રમાણ જોઇશું તો આપણને માલુમ પડશે કે આપણે માધ્યમિક અને ઉંચી કેળવણીમાં ઘણાજ પછાત છીએ, કે જે આંકડાઓ મારા કેળવણીને લગતા અગાઉના લેખમાં દરેક જીલ્લાવાર ખુલ્લી રીતે દર્શાવી દીધા છે કે જે અત્રે લંબાણ થઇ જવાની ધાસ્તીથી ફરીથી રજુ કરી શકતો નથી. દરેક જણ માધ્યમિક અને ઉંચી કેળવણીની જરૂરીઆત સ્વીકારે છે, પરંતુ નાણાની તંગીને લીધે કાંઇ પણ સંગીન કાર્ય કરી શકાય એમ નથી, એવું બ્હાનું આ વિષયનો ઉંડો વિચાર કર્યા પછી નિર્માલ્ય લાગે છે. તેટલા માટેજ વ્યવહારિક પગલાં ભરવા અને કેળવણીનો પ્રચાર કેવી રીતે થઇ શકે તેવા ઉપાયો યોજવા તે ખાસ હરકોઇ કોમના નેતાઓ તેમજ કેળવાએલ વર્ગનું ખાસ કર્તવ્ય છે.

સ્વ૦ મ૦ ગોખલેના શબ્દો " કરોડો બાળકો જે કેળવણીની આયાણુ અસર નીચે ઉછરવાની રાહ જુએ છે, તેમનું શ્રેય એમની ઉપર આધાર રાખે છે. વ્યક્તિની વધેલી કુશળતા, બુદ્ધિની સાધારણ ઉચ્ચ સપાટી અને પ્રજાના મોટા સમુહોની નૈતિક કેળવણી એ સર્વ કેળવણી સિવાય થઇ શકેજ નહિ " એ શબ્દો જૈનોએ ખાસ મનન કરવા લાયક છે અને ધ્યાન રાખવુ જોઇએ કે કેળવણી દરેક જૈનના ઘરના ઉમરા સુધી લઇ જવી જોઇએ. એક અમેરિકન ધારા શાસ્ત્રીએ પોતાના દેશબંધુઓ આગળ બોલતાં કહ્યું હતું કે જો તેની પાસે પ્રભુના દુતનું ઢોલ હોય કે જે અસ્તિત્વ ધરાવતા બધા રાષ્ટ્રોને જગાડી શકે તો તેમના કાનમાં લગાડીને કહે કે " તમારા બાળકોને કેળવો, તમારા બધા બાળકોને કેળવો, તમારા બાળકોમાંના દરેકને કેળવો. " આ ભાવનામાં રહેલુ ઉંડુ રહસ્ય અને ડહાપણ સર્વ કોઇ કબુલ કરે છે. કેળવણીના ક્ષેત્રને, પછી તે માધ્યમિક હોય કે ઉંચી કેળવણી હોય તો પણ, કાંઇ પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હદ હોવી જોઇએ નહિ. એટલી તો નિઃશંક વાત છે કે જૈનોની કેળવણીના સવાલને હાથ ધરનારા ખાતાના વ્યવસ્થાપકોના ધ્યાનમાં ખાસ હોવું જોઇએ કે કોઇ પણ કોમ અથવા પ્રજાના ભવિષ્યનો સર્વ આધાર હાલના શિક્ષણ લેતા વિદ્યાર્થીઓ ઉપર લટકેલો છે, અને તે હેતુથીજ કેળવણીનો બહોળો પ્રચાર કરવા તનતોડ પ્રગતિવાચક પ્રયત્નો કરવા જોઇએ; આવા દુરદર્શી વિચારને પરિણામેજ સ્વ૦ મ૦ ગોખલેએ આખા હિંદુસ્તાનના બાળકોને મફત અને ફરજીઆત કેળવણી અપાવવાનું જીવનવૃત લીધું હતું. જો કે જૈનોના કેળવણી બોર્ડ જેવી સંસ્થાએ આખી જૈન કોમના કેળવણીના પ્રચારને લગતો પ્રશ્ન હાથ ધર્યો છે તો પણ જે મહદ્ ઉદ્દેશ ધ્યાનમાં રાખી કાર્ય હાથ ધર્યું છે તે કમનસીબે પાર પાડવા ફતેહમંદ નીવડયું નથી. તોપણ જણાવવાને ખુશી ઉત્પન્ન થાય છે કે હાલમાં જૈન એજયુકેશન બોર્ડ તરફથી ઠરાવ કરવામાં આવ્યો છે કે મુંબઇની યુનીવરસીટી સાથે જોડાયેલી હાઇસ્કુલોનું લીસ્ટ મેળવી તે દરેકના હેડમાસ્તર ઉપર એક વિનંતીપત્ર મોકલી આપવું કે જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિદ્યાર્થી જેને અભ્યાસાર્થે મદદની જરૂર હોય તેમણે સરટીફીકેટ સાથેની અરજી જૈન એજયુકેશન બોર્ડના સેક્રેટરી તરફ મોકલી આપવી. પારસી જેવી એંસી હજારની વસ્તીની નાની સંખ્યા ધરાવનારી કોમ કેળવણી પાછળ જે પુષ્કળ નાણા ખર્ચે છે તેના પરિણામે અનેક કેળવાએલ અને આગેવાનોની સંખ્યા ધરાવવાને તે કોમ ભાગ્યશાળી થએલ છે. જો કે છેલ્લા બે દાયકામાં કેળવણીના ક્ષેત્રમાં જૈન કોમમાં બોર્ડીંગો, બાળાશ્રમો, હોસ્ટેલ અને ખાનગી મદદથી અથવા જાહેર સખાવતોથી સ્કોલરશીપો મારફતે કેટલાક આગેવાનો અને કેળવાએલ તરફથી જુદી જુદી દિશામાં કેળવણીના પ્રચારાર્થે પ્રયાસો ચાલુ છે, છતાં પણ બાર લાખ જૈનોની વસ્તી તરફ જોતાં કેળવણીના ક્ષેત્રમાં જોઇએ તેટલી સંખ્યામાં જૈનોને આગળ પડતા જોઇ શકયા નથી તે ખેદકારક બીના છે. મનુષ્યને જીવનમરણનો ભવોભવનો સવાલ જેવો ગંભીર અને ભારે લાગે છે તેટલોજ ગંભીર સવાલ કેળવણીથી બેનશીબ રહેતા કોમના બાળકો માટે,કોમના કેળવાએલ વર્ગને રહેવો જોઇએ, કારણકે સર્વમાન્ય નિતી જાળવી રાખવાની ફરજ આ દુનિઆમાં પરમ કૃપાળુ પરમાત્માએ પ્રત્યેક વ્યક્તિને શીરે મુકેલી છે અને તે ફરજમાંથી ભ્રષ્ટ થતાં તેને એક અથવા બીજી રીતે શિક્ષા થાય છે. વળી કેળવણીના ક્ષેત્રમાં પ્રયાસ કરનારાઓનું પ્રથમ કર્તવ્ય વિદ્યાર્થીઓની શિક્ષણ પ્રત્યેની કાળજી રાખવાની હોય છે; તેમજ વિદ્યાર્થીઓની બુદ્ધિ અને નિતિ સુધારવા પહેલા શરીરને તંદુરસ્ત અને મજબુત કરાવાનું છે; આ બાબત મુંબઇ શહેરમાં શિક્ષણ લેતા જૈન વિદ્યાર્થીઓની શારિરિક તપાસ કરવાની શરૂઆત કરવાના ઇરાદાથી જૈન એસોસીએશન ઓફ ઇન્ડીઆનું ધ્યાન ખેંચ્યું હતું, પરંતુ તેનું કાંઇપણ પરિણામ આવ્યું નથી; આ બાબત ખાસ ધ્યાન આપવાની જરૂર છે, કારણ કે ભુખ્યા અને કંટાળી ગએલા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાળકોને શિક્ષણ આપવું અશકય છે. ઉત્સાહ પૂર્વક કાર્ય કરવાની શક્તિ કે ઉત્તમ ચારિત્રની આશા નબળા અને કઢંગા શરીરવાળા વિદ્યાર્થી પાસે રાખવી તે વ્યર્થ છે. પ્રો. હકસ્લી કહે છે કે–" કેળવણીની નીસરણી એવી હોવી જોઇએ કે બાળકને ગટરમાંથી ઉપાડે અને યુનીવરસીટી સુધી ચઢાવે. " માનસિક બુદ્ધિની સાથે શારિરિક શકિત ખીલવવાની હકીકત પહેલી ધ્યાનમાં રાખવી જોઇએ.

ઉપરના સંજોગો વચ્ચે જૈનોમાં માધ્યમિક અને ઉચી કેળવણીનો પ્રચાર થવા પામે તેવા ઇરાદાથી જૈન એજ્યુકેશન બોર્ડ તેમજ જૈન એસોશીએશન ઓફ ઇન્ડીઆનું ધ્યાન ખેંચવામાં આવ્યું છે કે, કેળવણીને લગતી નાણાની રકમો, જે તેઓની પાસે હસ્તી ધરાવતી હોય તેમનો ઉપયોગ, સરકારી કેળવણીખાતા મારફતે જે પ્રાંતોમાં લાયક વિદ્યાર્થીઓ માધ્મિયક કેળવણી લેતા અટકી જતા હોય તેવા લાયક વિદ્યાર્થીઓ માટે થાય તેવી ગોઠવણ કરવી. કારણ કે દરેક પ્રાંતવાર આવી સ્કોલરશીપો લાયક વિદ્યાર્થીઓને આપવામાં ન આવે ત્યાં સુધી કેળવણીનો પ્રચાર દરેક ઇલાકાવાર જૈનોમાં સરખી રીતે થવો ઘણોજ અગત્યતા ભરેલો છે. દરેક શ્રીમંત જૈનો તરફથી આપવામાં આવતી સ્કોલરશીપો પણ આવી રીતે કેળવણીખાતા મારફતે તપાસ કરી લાયક વિદ્યાર્થીઓને આપવામાં આવતી હોય તો કેળવણીને લગતું પરિણામ ઘણુંજ સંતોષકારક જોવા ભાગ્યશાળી થઇશું. આવી રીતે સ્કોલરશીપોની વ્યવસ્થા કરી સરકારી કેળવણીખાતા મારફતે પત્ર વ્યવહાર ચલાવી લાયક વિદ્યાર્થીઓને તેનો લાભ મળે તે સારૂ એજ્યુકેશન બોર્ડનો આ કાર્ય માથે ઉપાડી લેવાના ઉપર દર્શાવેલ ઠરાવ મુજબ જે પ્રયાસ આદર્યો છે તેને જૈન શ્રીમાનો ટેકો આપશે એમ ઇચ્છું છું. હું ઇચ્છું છું કે આ બાબત કેટલે દરજ્જે આદરવા લાયક છે તે સંબંધી બીજા કેળવણી પામેલાઓ પોતાના વિચારોનો લાભ જનસમૂહ સનમુખ રજુ કરશે અને કોઇ બંધારણ વાળી યોજના કેળવણીના પ્રચાર અર્થે સુચવશે, તો કોમની સેવા બજાવી ગણાશે. આ કેળવણીના બહોળા ફેલાવા માટેના સવાલને લગતો લેખ સમાપ્ત કરવામાં આવે તે અગાઉ ટુંકમાં જણાવવાનું કે કોમની આર્થિક ઉન્નતિનું મૂળ જે આગળ વધવાની આકાંક્ષા છે તેને પોષણ આપવા સારૂ ઉંચી કેળવણીજ ઉપયોગી થઈ પડશે તેટલા સારૂ અજ્ઞાનતાનો અંધકાર જે આપણી જૈન કોમમાં વ્યાપી રહેલ છે તે દુર થાય તે સારૂં સ્વ૦ મ૦ ગોખલેના કેળવણીનો ખરડો ધારાસભામાં રજુ કરતી વખતના શબ્દો જૈન કોમના હીતાર્થીઓએ ખાસ મનન કરવા લાયક હોવાથી ફરીથી જૈન કોમ સનમુખ રજુ કરૂં છું. સ્વ૦ મ૦ ગોખલેએ કહ્યું હતું કે " મારા સાહેબ, કેળવણીના વિશાળ સાર્વદેશીય યોજનાજ બધી બદી દુર કરશે અને નવું સ્વર્ગ તથા નવી પૃથ્વી ઉત્પન્ન કરશે એવી કલ્પના કરે એવો કોઇ પણ મૂર્ખ હશે નહિ, પુરૂષો અને સ્રીઓ તેમ છતાં પોતાની અપૂર્ણતાઓ દૂર કરવા મથશે અને જીવન, અન્યાય અને દુઃખ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તથા સ્વાર્થ અને ટંટાનું દર્શન રજુ કરશે. અજ્ઞાનતા દુર થશે, માટે ગરીબાઇ દુર થઇ જવાની નથી અને સ્વદેશ હિતના તથા ઉદારતાના કાર્યોની જરૂર ઓછી થશે નહિ; પરંતુ કેળવણીનો પ્રચાર થતાં અમારાં પ્રજા સમુહને જીવનમાં વધારે સારી તકો મળી શકશે. દરેક પ્રયત્નો માટે, પછી તે અધિકારી હો કે બીનઅધીકારી, લોકોના સંબંધને માટે, તેમની સામાજીક પ્રગતિ માટે તેમની નૈતિક સુધારણા માટે સાર્વદેશીય કેળવણી ફતેહની સારી અશાઓ આપશે. મારા સાહેબ! હું જાણું છું કે મારો ખરડો દિવસ પૂરો થાય તે પહેલાંજ ફેંકી દેવામાં આવશે. હું ફરિયાદ કરતો નથી, મને નિરાશા પણ થશે નહિ, મને હમેશ લાગ્યું છે અને મેં વારંવાર કહ્યું પણ છે કે ચાલુ વંશના અમે સર્વ પુરૂષો અમારા દેશના બંધુઓની સેવા અમારી નાસીપાસીથીજ કરવા માંગીએ છીએ. તેમની ફતેહથી દેશની સેવા કરનારા સ્ત્રી પુરૂષો હવે પછી આવશે. પ્રગતિની કુચમાં અમને જે સ્થાન આપવામાં આવ્યું છે તે અમારે ખુશીથી સ્વીકારી સંતોષ માનવો જોઇએ. જ્યાં સુધી એના મૃતસ્વરૂપો ને પગથીઆ તરીકે લઈ એક નવીન ધારો જે આખા દેશમાં કેળવણીનો પ્રકાશ ફેલાવે તે પસાર થશે ત્યાંસુધી આજે નાંખી દીધેલો ખડો ફરી ફરીને પાછો આવશે; એમ પણ બને કે આ ધારણા ખરી ન પડે. એમ પણ બને કે આપણા પ્રયત્ન આડકતરી રીતે પણ મહાન કાર્ય આપણા અંતઃકરણમાં છે તેને વધારવા માટે કાંઇ કરી ન શકે અને દરિયા કીનારાની રેતીમાં હળ ફેરવવા જેવું પણ થાય; પરંતુ મારા સાહેબ, અમારી મહેનતનું છેવટ ગમે તે આવે છતાં એક વાત તો સ્પષ્ટજ છે કે અમે અમારી ફરજ બજાવી છે એમ માનવાનો હક્ક અમનેજ રહેશે, અને જ્યાં ફરજની આજ્ઞા સ્પષ્ટજ છે ત્યાં મહેનત કરીને નાસીપાસ થવું તે મુદ્દલ મહેનત નહિ કરવા કરતાં વધારે સારૂં છે." **નરોતમ બી૦ શાહ.**

## અન્યોક્તિ શતક.

( સંસ્કૃત ઉપરથી અનુવાદ. )

લે૦ રા. રા. "બહુગુણ" ( ભાવનગર. )

### શાર્દૂલવિક્રીડિત.

જેનો ઉદ્દભવ ક્ષુદ્ર વસ્તુથી થયો જે તુચ્છ લેખાય છે,
જે ભૂમિતલમાં વિલીન રહીને પાયેથી છુંદાય છે;
જેનો અસ્થિર વાયુ એ ગુણ વિના ઉદ્ધાર આજે કર્યો,
તે મોટા ક્ષિતિભૃત્ તણા શિરપરે ધૂલિ વિરાજે જુઓ.
* * * * * ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાઇ બાવળ! કંટકાવૃત કરે કાં શિર ઉચું નભે?
પ્રાપ્તિ ક્ષુદ્ર ફળો તણી થઇ અરે કાં ગર્વ તેમાં ધરે?
દૃષ્ટિ કાંઇ નીચી કરી નિકટમાં આંબો નિહાળી તું જો,
પામ્યો અમૃતમિષ્ટ છે ફળ છતાં કેવો નમી છે રહ્યો. ૨
એકાંતે વનમાં શૃગાલ નિરખી આવે મૃગાધીપને,
ભીતિ કંપથી ન્હાસતાં ધીરજ કંઇ ધારી કહે તેહને;
માર્યા છે દશ વ્યાઘ્ર તેર ગજ ને માર્યા હરિ પાંચ છે,
જાણે તે સહુ દેવ આજ તુજનું આવી બન્યું છે ખરે. ૩
સુણી સિંહ શૃગાલ વાક્ય હસતાં બોલ્યો અહાનાદથી,
જા, જા, મિત્ર શૃગાલ! યુદ્ધ કરવું તું સાથ મ્હારે નથી;
જીત્યો મ્હેં હરિને કહે જગતમાં જા ત્હારૂં કલ્યાણ હો,
જાણે છે બલ સિંહ જંબુક તણું જે છે વિવેકી જનો. ૫

**વસંતતિલકા.**

અમ્બુધિ! કેમ બહુ ગર્જન તું કરે છે? શું સ્વલ્પ શ્રેય પણ ત્હેં જનનું કર્યું છે?
વારિ સરિત જલદનું લઇ ખારૂં કીધું, જેથી નહિ તૃષિતને કદા કામ આવ્યું. ૬
આ સ્થાનમાં બધિર લોક બધા વસે છે, ત્યાં લાભ કૂજિતથી કોકિલ? શું ત્હને છે?
કાળો નિહાળી તુજ વર્ણ ગણે ત્હને જો, ઓ, કાક તો તું મનમાં ન કરીશ ધોખો. ૭

# જ્ઞાતિ સંસ્થા વિષે વિચારણીય મુદ્દાઓ.

લખનાર:-રા. માવજી દામજી શાહ.
ધાર્મિક શિક્ષક, બાબુ પી. પી. જૈન હાઇસ્કુલ—મુંબઇ.

**જ્ઞાતિ સંસ્થાની આવશ્યકતા.**

એ તો સુનિશ્ચિત છે કે પૃથક્ પૃથક્ વિસ્તરેલી જ્ઞાતિઓનો જ્યાંસુધી ઉદય થયો નથી, ત્યાંસુધી દેશોદય થવો અસંભવિત છે. હિંદમાંની પ્રત્યેક જ્ઞાતિ પોતપોતાના પ્રશ્નોનો નિકાલ પોતેજ લાવે તો દેશોદયનું દર્શન દૂર છે એમ કોણ કહેશે? આજના કેળવાયલા ગણાતા ભારતના કેટલાએક સુપુત્રો (!) એમ કહે છે કે "દેશોદય સાધવામાં જ્ઞાતિ સંસ્થા એ કંટકરૂપ છે. જ્ઞાતિને લીધે આપણે પછાત સ્થિતિ ભોગવીએ છીએ, જ્ઞાતિનાં બંધનો તોડવાનો યુગ આવી પહોંચ્યો છે." ભારતના આ સુપુત્રો (!)ને પ્રત્યુત્તરમાં કહેવાની આવશ્યકતા છે કે

For Private And Personal Use Only

જ્ઞાતિની સંસ્થા એ એક દૃષ્ટિએ અતિ ઉપયોગી છે. આજે ભિન્ન ભિન્ન સોસાયટીઓ, મંડળો, સભાઓ, એસોસિએશનો અગર એવું જે કંઇ તમે જોઇ શકો છો, તે જ્ઞાતિનુંજ બીજું સ્વરૂપ છે, તેનોજ બીજો આકાર છે. ફેરફાર પામેલું બંધારણ છે. વિચારશીલ, દીર્ઘદર્શી પૂર્વજોએ જ્ઞાતિની સંસ્થા નિયત કરેલી છે, તેમાં ઘણું મહત્ત્વ સમાયલું છે. જ્ઞાતિ બાંધવાનો તેમનો ઉદ્દેશ કેવળ દેશોદયમાં પોતાનો તે દ્વારા હિસ્સો આપવો એજ સમાયલો હતો, પરંતુ કાળક્રમે આજે જ્ઞાતિમાં કેટલાંએક અનાવશ્યક બંધનો પાછળથી ઘુસી ગયાં છે, તેથી બહેતર જ્ઞાતિસંસ્થાને તોડી પાડવા કરતાં ઉચિત છે કે 'જ્ઞાતિપ્રવિષ્ટ કુરીવાજોનું નિકંદન કરવું જોઇએ, જ્ઞાતિ સંસ્થાની આવશ્યકતા પરત્વે ઉપરોક્ત કથન રજુ કર્યા બાદ જ્ઞાતિને ઉન્નતિના માર્ગે ચડાવવાના કયાં કયાં સાધનો છે ? પ્રિય વાચકો ! ચાલો ! એ મહત્ત્વના પ્રશ્ન પર આપણે વિચાર કરીએ.

**માબાપોએ બાળકોમાં સંસ્કારો રોપવાની જરૂર.**

જ્ઞાતિજનોને ઉન્નતિના માર્ગે ચડાવવાનું કાર્ય અતિશય સરલ નથી. આ કાર્ય અલ્પકાળમાં સિદ્ધ થઇ જાય તે પણ કલ્પના બહારની વાત છે. જ્ઞાતિની ઉન્નતિના અભિલાષી જનોએ જરૂર લક્ષ્યમાં રાખવું જોઇએ કે 'તેઓમાં દૃઢતા, નૈતિક હિંમત, સહનશીલતા કાર્યદક્ષતા અને ખસુસ કરીને ધૈર્ય, આટલા ગુણો હોવા અવશ્યના છે. ઉકત ગુણોને જ્ઞાતિહિતેચ્છુ જનોએ પોતાના જીવનમાં ઓતપ્રોત કરવા જોઇએ.

એ તો દેખીતુંજ છે કે 'જ્ઞાતિના યા દેશના ઉદયની આશા યુવકવર્ગની ઓલાદ પર વિશેષ આધાર રાખે છે, વસ્તુતઃ કોમળ મગજ પર જ્ઞાતિ ઉદયના સૂત્રોનાં સંસ્કારો સરળતાથી અને વિલંબ વગર પડી શકે છે, આથી જ્ઞાતિનાં બાળકોમાં સુસંસ્કારો રોપવાની અનિવાર્ય અગત્ય એ માતાપિતાઓએ સૌથી પ્રથમ લક્ષ્યમાં રાખવા જેવી બાબત છે.

**યુવકોએ મક્કમ બનવાની અગત્ય.**

જ્ઞાતિ ઉદયના સાધનો પૈકી બીજો મુદ્દો એ છે કે જ્ઞાતિના યુવાનવર્ગે, હાલની કેટલીએક સમાજાન્તઃ પ્રવિષ્ટ કુરૂઢીઓ દૃષ્ટિગોચર થાય છે, તેની સ્હામે સાચું અને દૃઢતાપૂર્વક યુદ્ધ ( Crusade ) મચાવવાની જરૂર છે અને તેને માટે કેટલાએક નિયમોમાં અતિશય મક્કમ બનવાની જરૂર છે. દાખલા તરીકે:—બાળલગ્ન એ પ્રથા હાનિકારક છે. એ વાત હાલની ઓલાદને સમજાવવાની જરૂર રહી નથી, આપણે માનીએ છીએ કે હાલની ભારતીય પરિસ્થિતિ પ્રમાણે પંદર, સત્તર કે તેથી નાની વય એ ન્હાની, અપરિપકવ, સ્વાવલંબન વગરની અને અભ્યાસ યોગ્ય

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વય છે,** એ વયમાં આવતાં લગ્નની ઝુંસરીએ જોડાવું એ કોઈ રીતે વ્યાજબી નથી, છતાં લ્હાવો લેવાની ખાતર, કે ન્હાની વહુને ઘરમાં લાવી, સાસુના માથા પરનો બોજો ઉતારવાની સ્વાર્થવૃત્તિની ખાતર, ઉપર કહેલ બાળ વયમાં માતા પીતા આપણું (યુવકોનું) લગ્ન કરવા હીલચાલ કરી રહ્યા હોય ત્યારે યુવકોની ફરજ છે કે 'તેમના પોતાના ભવિષ્યના લાભોની ખાતર કિંચિત્‌કાળ પણ મુંગા ન બેસી રહેવું જોઈએ, પરંતુ તે પ્રસંગે યા તો તે વાતની પોતાને ખબર પડતાં તત્કાળ **નમ્ર** પણ મધુર ભાષામાં દ્રઢાગ્રહી બનીને માતપિતા **સમક્ષ નિવેદન** કરવું જોઈએ કે, "પૂજ્ય પિતા શ્રી! આપ મારૂં બાળવયથી આજસુધી પાલન પોષણ કરી હિત ઈચ્છતા આવ્યા છો, હવે મારી યુવાવસ્થા અને ઉત્તરાવસ્થાનું પણ હિત ઇચ્છતા હો તો કૃપા કરી મારી આ બાળવયમાં મારા લગ્ન કરવાની આપને હું " સાફ ના પાડું છું " " મને માફ કરજો, મારો સમય અભ્યાસનો છે, મારા "બાહુબળથી" તરવાનો સમય હજુ હવે મને પ્રાપ્ત થવાનો છે. મારા પગપર ઉભા રહેવાની તાકાત હજુ હવે મારામાં આવવાની છે, માટે કૃપાકરી મારી પચીશ વર્ષની વય થતાં સુધી આ લગ્નની ભાંજગડમાં " પડશોનહિ, એ મારી **નમ્ર** પણ આગ્રહ પૂર્વક વિનતિ છે, આટલું કહેતાં છતાં પિતાજી પોતાનો કક્કો ખરો કરવા માગતા હોય તો દેશના હિતની ખાતર પણ જરા વધારે **મક્કમ** બનીને-દ્રઢતા લાવીને રહેવાની જરૂર છે અને કોઈ પ્રકારે પણ લગ્ન ન કરે, અને અયોગ્ય વયે સંસાર ગર્તમાં ન પાડી દે એ સંભાળવાની ખાસ જરૂર છે. આ માત્ર એકજ પ્રસંગ દ્રઢતાના ઉદાહરણ તરીકે રજુ કર્યો છે, આવા અનેક પ્રસંગે સાવધાન રહેવાની ખાસ સૂચના છે.

**સ્ત્રી કેળવણીનો વ્યવહારૂ પ્રસાર થવાની અગત્ય.**

ત્રીજો મુદ્દો એ લક્ષ્યમાં લેવા યોગ્ય છે કે જ્ઞાતિની સ્ત્રીઓનો મોટો ભાગ અજ્ઞાન દશામાં સબડતો જોવામાં આવે છે, આ અજ્ઞાનતા એ એક પ્રકારનો શ્રાપ છે, કલંક છે. અરે ! ભયંકર દૂષણ છે. આ શ્રાપ કલંક અને ભયંકર દૂષણમાંથી મુક્ત થવા અને ગાર્ગી, મૈત્રેયી, સરસ્વતી અને લીલાવતી જેવાં વિવિધ શક્તિ સંપન્ન નારીરત્નો પેદા કરવા માટે સ્ત્રી કેળવણીનો ઘટતી દિશામાં પ્રસાર કરવાની અનિવાર્ય અગત્ય છે, સ્ત્રીઓ જ્યારે કન્યા વયમાં હતી, ત્યારે તેઓને મળેલું શિક્ષણ સ્ત્રી વયમાં આવતાં અર્ધદગ્ધ સ્વરૂપ ધારણ કરે છે, પરિણામે અજ્ઞાનતામાંથી ઉત્પન્ન થતાં દૂષણો ( જેવાં કે--દેખાદેખી વાંદરીયા નકલ, કુસંસ્કાર અને આચાર--વિચારની ભ્રષ્ટતા ) દષ્ટિગોચર થાય છે. આ મહા ભયંકર વ્યાધિમાંથી છુટકારો મેળવવા સ્ત્રી કેળવણીની યોગ્ય દિશા ભારતીય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરિસ્થિતિ પ્રમાણે નિશ્ચિત કરી સ્ત્રીઓમાં કેળવણીનો સારો પ્રસાર થવો આવશ્યક છે, આમ થવાથીજ આપણી ભાવિ પ્રજાનું ઝળકતું, તેજોમય અને આશામય ભવિષ્ય નિર્માણ કરવા ભાગ્યશાળી થઈશું, પરંતુ સ્ત્રીઓની—અરે ! એક અગત્યના અંગની દરકાર કરવામાં પછાત પડીશુ, તો અર્ધાંગવાયુ–પક્ષઘાતના રોગથી આપણે પટકાઇ પડીશું, માટે સાવધાન રહેવાની જરૂર છે.

**જ્ઞાતિના કુરીવાજો-નો નાશ કરવો જોઇએ.**

ચોથો મુદ્દો એ છે કે, વૃદ્ધ વિનિર્મિત જ્ઞાતિ બંધારણ-પરાપૂર્વથી ચાલ્યું આવે છે. તેનો અભ્યાસ જ્ઞાતિના યુવકો કરી શકે તેવી યોજના થવી જોઈએ, એવો નિયમ છે કે જ્ઞાતિ બંધારણનાં સૂત્રો નિયમોમાં દેશ, કાળ, ભાવ અને ક્ષેત્રના પરિવર્તન પૂર્વક તેમાં યથોચિત ફેરફાર કરવાની જરર પણ રહે છે, તો હાલનાં જ્ઞાતિના સૂત્રોમાં જો ઘટિત ફેરફાર કરવો ઉચિત હોય તો બેશક તેમ કરવાની જ્ઞાતિ જનોને પરવાનગી મળવી જોઈએ. ઓગણીશમી સદીના સંજોગોને અનુસરી બાંધવામાં આવેલા સૂત્રો વીસમી સદીમાં ચાલવાં જોઈએજ, એ કથન જ્ઞાતિ બંધારણના નિયમોથી વિરૂદ્ધ છે. સમયાનુસાર ઘટતો ફેરફાર કર્યા વગર ચાલેજ નહિ. જો ફેરફાર કરી યા તો ઘટતી છુટછાટ મૂકી વર્તન ન ચલાવવામાં આવે તો વૃદ્ધો–જ્ઞાતિના નેતાઓ–અગ્રેસરોનું માનપાન સચવાવું એ દુર્ઘટ થઇ પડે એ દેખીતું છે, એટલુંજ નહિ, પરંતુ મતમતાંતર, અને તડાં એક નાની સરખી જ્ઞાતિમાં પણ પડવાનો પ્રસંગ ઉભો થાય તો ઘણું નુકશાન થાય એ દેખીતું છે.

**જ્ઞાતિ સેવાનાં ભિન્ન ભિન્ન ક્ષેત્રોમાં યુવકોએ કૂદી પડવાની જરૂર.**

જ્ઞાતિનાં ઉદયનાં સાધનો પૈકી પાંચમો મુદ્દો એ સંભાળવાનો છે કે જ્ઞાતિ સેવાના ભિન્નભિન્ન ક્ષેત્રોમાં યુવકોએ, સંપૂર્ણ વિચાર, પોતાની લાયકાત, અને બહાદુરીથી યા હોમ કરીને કૂદી પડવું જોઇએ. જ્ઞાતિને યુવકોની સેવાની જે કાળના આવશ્યકતા હોય તે કાળના યુવકો મોજશોખમાં મશગુલ બન્યા હોય, વિલાસ પ્રિય જીવન ગુજારતા હોય, અહર્નિશ સ્વાર્થ સાધવામાં મચ્યા રહેતા હોય એવા યુવકોનું જીવન સેવાના રંગથી રંગાયલું નહિ હોવાથી વ્યર્થજ સમજવું જોઈએ. જ્ઞાતિના ઉદયના સ્તંભભૂત વસ્તુતઃ યુવકો છે. યુવકોની નસોમાં નવીન રક્ત સંચાર કરી રહ્યું હોય છે, જો એ નવીન રકતનો સદુપયોગ કરવામાં આવે તો તેમનું મન જ્ઞાતિહિતના પ્રશ્નોમાં ગુંથાયલું રહેવાથી જ્ઞાતિનો ઉદય તેમનાથી દૂર ગણી શકાય નહિ. ધારો કે–જ્ઞાતિમાં કેળવણીનો અભાવ છે, યા તો વાસ્તવિક કેળવણી જ્ઞાતિજનોને મળતી નથી આ મુદ્દાને માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યુવકોની ફરજ છે કે તેઓએ પોતાના અનુકૂળ સમયે વાંચનદ્વારા, વાર્તાદ્વારા, શિખામણદ્વારા કે અક્ષરજ્ઞાનદ્વારા પણ કેળવણી આપવા પગલાં ભરવાં જોઇએ, અને કેળવણીની આવશ્યક્તા માટે જેમ બને તેમ જ્ઞાતિમત કેળવવો જોઇએ, આવો બીજો મુદ્દો લઇએ—ધારો કે જ્ઞાતિમાં જ્યારે બાળલગ્નની પ્રથા શરૂ હોય છે, ત્યારે સેવાના ક્ષેત્રમાં યાહોમ કરવા ઇચ્છનાર યુવકોએ શું કરવું જોઇએ ? એ પ્રશ્ન ઉપસ્થિત થયો, તેના ઉત્તરમાં તેઓએ લક્ષ્યમાં રાખવું જોઇએ કે—જેમ બને તેમ મોટી સંખ્યામાં બાળલગ્નના હાનિકારક પરિણામો લોકસમૂહ સમક્ષ રજુ કરવા અને કાચા કુમળા બાળકોના મગજમાં નાનપણથી ઠસાવવું કે "તમારા માતપિતા તમારા બાળપણમાં વિવાહ કરવાનું કહે તો દૃઢતાથી તેમને સાફ ના પાડશો." આ રીતે મક્કમપણું ધારણ કરવાથી કેળવણી, બાળલગ્ન નિષેધક હીલચાલ વગેરે પ્રશ્નો વિષે કંઇક અજવાળું પાડી શકાય. અને આ વિષયમાં જ્ઞાતિબંધુઓએ સમગ્ર બળથી પ્રયત્ન કરવા પાછળ લાગી જવું જોઇએ, જો પ્રયત્નની કચાશ હોય તો ફળ પણ કાચું આવે અને પ્રયત્ન યોગ્યમાર્ગાનુસારી હોવા સાથે દૃઢતાપૂર્વક આરંભાયો હોય તો ફળ પણ બરાબર પકવ આવવાનો સંભવ રહે છે. જ્ઞાતિપ્રવિષ્ટ કુરીવાજોને દૂર કરવાનું જ્ઞાતિના યુવકો વિશેષ પ્રકારે સાધી શકશે. માટે તેઓએ ખાસ આ બાબતનો કાર્યવિશેષ અભ્યાસ કરવો જોઇએ, અને જે જ્ઞાતિમાં પોતાનો જન્મ થયો હોય, તે જ્ઞાતિનું ભલું ઇચ્છવા અને કરવાપૂર્વક જ્ઞાતિઋણ ચૂકવવાની ખરેખરી અગત્ય ગણાય.

**જ્ઞાતિબંધુઓએ ઔદ્યોગિક વિકાસ પાછળ ધ્યાન આપવાની જરૂર.**

જ્ઞાતિ ઉન્નતિના સાધનો પૈકી છઠ્ઠો અને અતિ અગત્યનો મુદ્દો એ લક્ષ્યમાં રાખવા યોગ્ય છે કે—'જ્ઞાતિબંધુઓએ ઔદ્યોગિક વિકાસ પાછળ સતત્ લક્ષ્ય આપવું જોઇએ. જે જ્ઞાતિબંધુઓ ઉદ્યોગ ધંધામાં પછાત દશા ભોગવતા હોય તેઓ દુનીયાની હરોલમાં વધુ વખત અસ્તિત્વ ધરાવી શકતા નથી, કદાચ અસ્તિત્વ ધરાવતા જણાય, તો પણ મોટે ભાગે તેઓને દાસત્વની બેડીમાં જકડાવું પડે છે. મનુષ્યનું મનુષ્ય તરિકેનું બંધારણ જોતાં મનુષ્ય એ દાસત્વ માટે સરજાયેલો નથી, પરંતુ સ્વતંત્રપણે તેમજ સ્વાશ્રયીપણે—પોતાના પગપર ઉભો રહીને, શારીરિક, માનસિક અને આધ્યાત્મિક વિકાસ કરવાને જન્મેલ છે. આમ હોવાથી દાસત્વથી તેને દૂર રાખવા સારૂ સ્વતંત્ર તેમજ સ્વાશ્રયીપણે જગતની સંફમાં રહી પોતાનો સર્વ પ્રકારે ઉદય સાધવા માટેનું અગત્યનું સાધન—વ્યાપાર—ઉદ્યોગ—ધંધાની બાબતમાં ઉચ્ચ દશા ભોગવતો હોવો જોઇએ. એ તો સાધારણ નિયમ છે કે 'ક્રમે ક્રમે આગળ વધાય. એકદમ વ્યાપારના વિસ્તીર્ણ ક્ષેત્રમાં કૂદી પડાતું નથી, પરંતુ પ્રથમ તો કોઇ એક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્યાપારીને ત્યાં અમુક સમય ઉમેદવાર તરીકે રહેવું પડે, ત્યારબાદ વિશેષ લાયકાત પુરવાર થતાં તેને અમુક પગાર પર ચડાવવામાં આવે, અને તે દરજ્જા પર પણ પોતાની કાબેલિયત બતાવવામાં આવ્યાથી દૈવયોગે દુકાનમાં તેનો અમુક હિસ્સે ભાગ પણ નિયત કરવામાં આવે, અને પછી આગળ વધતાં તે સ્વતંત્ર વ્યાપારી થવા પણ શક્તિમાન થાય છે, વ્યાપાર વિષયક ક્ષેત્રની આ પરિસ્થિતિ હોવાથી તેમાં ઉતરનાર જ્ઞાતિબંધુઓએ ધૈર્યને ટકાવી રાખવાની અતિશય જરૂર છે. આ ક્ષેત્રદ્વારા જ્ઞાતિબંધુઓનો ઉદય સાધવાનો એક માર્ગ એ પણ છે કે-' પોતે વ્યાપારી હોય તો પોતાના જ્ઞાતિ બંધુઓને જ લગભગ નોકરી કરવાની તક આપવી, અને તેના શિક્ષક રૂપે બનીને તેના કાર્યમાં થતી વિવિધ ભૂલો સુધારવાની લાગણી રાખીને ભવિષ્યમાં તેને પોતાનું અગર પોતાના જેવું પદ ભોગવવા ભાગ્યશાળી બનાવવો. આમ થવાથી જ્ઞાતિબંધુઓની આર્થિકસ્થિતિ સુધરશે, જ્ઞાતિજનો વ્યાપારના વિસ્તીર્ણ ક્ષેત્રમાં પોતાનું નામ કાઢશે અને તેઓ દુનીયાની કોઇ પણ જ્ઞાતિની હરોલમાં પોતાનું સ્થાન નિયતરીતે સ્થાપવા શક્તિમાન થશે. ઉપસંહારમાં જણાવવું જોઇએ કે જ્ઞાતિની ઉન્નતિ સાધવાને અંગે આ છ મુદ્દાઓ આપ સમક્ષ રજુ કરેલ છે, લગભગ આ છ મુદ્દાઓમાં બીજી બાબતોનો સમાવેશ થઇ જાય છે, જ્ઞાતિજનોએ ખાસ લક્ષમાં રાખવું જોઇએ કે આ છ મુદ્દાઓનો બરાબર અભ્યાસ કરી " જાગ્યા ત્યારથી સવાર " ગણી તેનો અમલ કરવામાં આવે તો લેખકને સંપૂર્ણ વિશ્વાસ છે કે જ્ઞાતિનો ઉદય થવો એ હસ્તામલકવત્ વાત છે. એટલુંજ જ્ઞાતિબંધુઓની સેવામાં નિવેદન કરી અહિં વિરમું છું.

**ૐ. शान्तिः**

# વર્તમાન સમાચાર.

પ્રાતઃ સ્મરણીય શ્રીમાન મૂનિરાજશ્રી મણિવિજયજી મહારાજના શિષ્ય વયોવૃદ્ધ શાંતમૂર્તિ **પંન્યાસજી શ્રીમદ્ સિદ્ધિવિજયજી** મહારાજને શ્રી મહેશાણામાં મહા શુદ ૫ બુધવારના રોજ આચાર્ય પદવીથી અલંકૃત કરવામાં આવ્યા છે, તે સાથે ત્યાં ઉપધાન વહન પણ થયેલા હોવાથી આ બંને પ્રસંગો નિમિત્તે અઠ્ઠાઇમહોત્સવ અને દિક્ષામહોત્સવ પણ સાથે થયેલ છે, તે પ્રસંગે અનેક મુનિમહારાજાઓ સાથે બહાર ગામથી અનેક જૈનબંધુઓ આ ઉત્તમ ધાર્મિક પ્રસંગ ઉપર આવેલા હોઇ ત્યાં શાસનની ઉન્નતિ થઇ છે, આ માટે અમો અમારો આનંદ જાહેર કરીયે છીયે, પરંતુ એટલું પ્રસંગોપાત જણાવવાની જરૂર જણાય છે કે જેમ આવા માંગલ્ય પ્રસંગે હજારો પૈસા ખર્ચવામાં આવે છે તેમ અત્યારે ચાલતા ભયંકર દુષ્કાળને લઇને મનુષ્યને ખાવાને અનાજ પહેરવાને કપડા અને ઢોરોને ઘાસ નહીં મળવાથી મરણ શરણ થાય છે તેને માટે આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અપૂર્વ પ્રસંગે વિચાર કર્યો હોય તો ખુશી થવા જેવું છે, પણ જો આ વિકટ પ્રસંગ યાદજ ન આવ્યો હોય તો જૈનોને દયા માટે કેવી લાગણી છે તેમ ઇતર બોલે તે બનવા જેવું છે.

અત્યારે તો ભયંકર દુષ્કાળ ચાલે છે તે માટે જેમ બનેતેમ તે કાર્યપ્રસંગ ધ્યાનમાં લેવાનો છે, પરંતુ તે સિવાય અમો તો અમારા દરેક ધર્મગુરૂઓને હવે નમ્રવિનંતિ કરીયે છીએ કે આવા પ્રસંગોએ જો વરઘોડા અને સ્વામીવાત્સલ્ય વગેરેજ ગમતા હોય તથા તેમાંજ માત્ર પૈસા ખરચવાથી અમારી આબરૂ વધતી હોય તો કૃપા કરી તેવા ધાર્મિક પ્રસંગોએ આપ કૃપાળુ ધર્મ ગુરૂઓએ જેની જરૂરીયાત હાલ છે તેવા શ્રાવક ક્ષેત્રની ઉન્નતિ માટે થોડી રકમ કંઢાવવા ઉપદેશ આપવાને નમ્રવિનંતિ કરીયે છીયે અને બીજા કાર્યોને ગૌણતામાં મુકવાની જરૂર લાગતી હોય તો તેને બદલે જરૂરીયાતવાળા, ખાતામાંજ માત્ર અમારા પૈસા ખરચવાનો ઉપદેશ આપવા નમ્રવિનંતિ છે. હાલના પ્રસંગોએ શ્રાવકક્ષેત્રની ઉન્નતિને ( તેમના વિદ્યાભ્યાસ, આરોગ્યતા, ભુખમરાથી પીડાતા બંધુઓને ધંધે લગાડી તેમાંથી બચાવવા વગેરે ) માટેનો જ્યાં સમય વર્તે છે, ત્યાં આવા અપૂર્વ પ્રસંગોએ વરઘોડા સ્વામીવાત્સલ્ય વગેરે કાર્યોનેહવે ગૌણતામાં મુકી તેમાં પૈસા ઓછા કેમ ખરચાય અને શ્રાવકક્ષેત્રની ઉન્નતિ માટે પણ થોડો ખર્ચ અથવા થોડી ઘણી રકમ આપવાની જરૂરીયાત છે; ત્યાં અપાવા જોઇએ, છતાં તેને જો ન સંભારવામાં આવે તેમજ તે ક્ષેત્રની દિશા તરફ જરૂર છતાં ન જોવામાં આવે તે કેટલું સમયને અનુચિત છે, જ્યાં આવા મહોત્સવાદિ પ્રસંગોની જરૂર હોય ત્યાં આ ખાતાને પણ ધ્યાનમાં લેવાની જરૂર છે, જૈન બંધુઓ સમયને કયારે ઓળખતા શીખશે ?

---

## લગ્નાદિ પ્રસંગે અપીલ.

### સ્વામિ ભાઈઓના ઉદ્ધાર અર્થે પાંચસો રૂપીઆ લાખ રૂપીઆ બરોબર છે.

### परोपकाराय सतां विभूतयः ॥

ભાઈ ! જરા આ તરફ નજર તો કરો, એમાં બન્નેના લાભની વાત છે. જૈનોની શું જાહોજલાલી ? જ્યાં જુઓ ત્યાં ઉત્સવ, લગ્ન મહોત્સવ. શું સંસારમાં લગ્નના લ્હાવા જેવો બીજો કોઇ લ્હાવો છે ? તેના મહોત્સવ જેવો બીજો કોઇ મહોત્સવ મનાય છે ? જ્યાં જુઓ ત્યાં લગ્નની ધામધુમ, કોઇ ઘરોમાં નવા નવા રંગોથી ઘર રંગાતાં હોય, તો કોઇ ઘરોમાં ઉત્તમ પ્રકારની ખાવાની, પીવાની, પહેરવાની વિધ વિધ પ્રકારની સામગ્રીઓ તૈયાર થઇ રહી હોય, તો કોઇ ઘરોમાં, ધવલ મંગળ, ગીતગાન, પ્રભાતીયાં વીગેરે ઝીણા મીઠા સુરથી ગવાઇ રહ્યાં હોય, તો કોઇ ઘરો આગળ નવાં નવાં વિધ વિધ પ્રકારનાં વાજીંત્રો જુદા જુદા રાગ રાગણીઓનાં વાગી રહેલાં હોયતો કોઇ ઘરોમાં સગાંવહાલાં, સંબંધીઓ,મીત્રો વીગેરેનું હાલની અપટુડેટ (up to date) ફેસન પ્રમાણે આતિથ્ય થઇ રહેલું હોય, નવા નવા મન ગમતા મિષ્ટાન્ન, પકવાન વિગેરે જમાતા હોય, ગામનાં જાહેર રસ્તાઓનો અને ઘરોનો ઇંદ્રાપુરી જેવો અદભુત દેખાવ થઇ રહ્યો હોય, ને જ્યાં આવી આવી મઝાઓમાં જૈનો લીન થઇ રહ્યા હોય ત્યાં પછી ગરીબ નીરાધાર, અશક્ત સ્વામી ભાઇઓની કોણ દરકાર કરે ! અરે ! તેનો વિચાર કરવાનો પણ વખત કયાંથી મળે ? ખરેખર તે ગામોના નીરદોષ બાળકોનો તો તે દીવસોનો આનંદ જરૂર અનુપમ અને અદ્વિતિય હશે ! ત્યારે શું આપણા સ્વામી ભાઇઓના નિર્દોષ અને પવિત્ર બાળકો ( બ્રહ્મચારીઓ ) જે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે શ્રીસિદ્ધક્ષેત્ર પાલીતાણામાં સ્ટેશનની પાસે શ્રી **યશોવિજયજી જૈન ગુરૂકુળમાં** ઉંચા પ્રકારની પ્રાથમીક અને માધ્યમીક કેળવણી અને ધાર્મિક લે છે તે તરફ નજર આવા સોનેરી મનાતા લગનના અવસરમાં શું તેઓ નહી કરે? આમ લાખો રૂપીઆ ખર્ચી સંસારનો લ્હાવો લેવા ભાઇઓ તમો તત્પર થઈ રહ્યા છો, તો શું આ આપણા સ્વામી ભાઇઓના પવિત્ર બાળકોને યથાશકિત તુરત મદદ કરી ભવો ભવના પવિત્ર લ્હાવો સાથે સાથે લેવા લેવા તત્પર નહી થાઓ ! ના, ના, જરૂર લ્યો, જરા ઉઠો, ને મદદ કરવા તૈયાર થાઓ. ધર્મના કાર્યોમાંપ્રમાદ કદી કરવો નહી એવું શાસ્ત્રમાં પણ પ્રમાણ છે. તો ખાત્રી છે કે આ અમારી નમ્ર વિનંતીનો તમો અંતઃકરણથી સત્કાર કરશોજ.

લી૦ સેવકો,

**જીવણચંદ ધરમચંદ—પ્રમુખ.**<br>
**ફકીરચંદ કેશરીચંદ.**<br>
**લલ્લુભાઈ કરમચંદ.** } સેક્રેટરીઓ<br>
**હીરાલાલ શરૂપચંદ.**<br>
શ્રી પાલીતાણા ય. વિ. જૈન ગુરૂકુળ.

શ્રી. ય. વિ. જૈન ગુરૂકુળ<br>
હેડ ઓફીસ.<br>
નં. ૩૬૬ પાયધુની મુંબઇ.<br>
તા. ૧૦–૨–૧૯.

---

## રાંધનપુરની પાજરાપોળ માટે અપીલ.

એક રાંધનપુર નિવાસી બંધુ શહેર રાંધનપુરની પાંજરાપોળની હાલની સ્થિતિ માટે જણાવે છે કે, " દુષ્કાળના કારણથી તેની કરૂણાજનક સ્થિતિ થઇ પડી છે, ઘાસની તંગીને લીધે ઢોરો મરી જાય જાય છે, ભંડોળ નજીવું છે, જેથી રાધનપુર-નિવાસી શ્રીમંતોએ આ હીલચાલ ઉપાડી લેવાની જરૂર છે, વગેરે વગેરે હકીકત જણાવે છે " અમો આ બાબતમાં જણાવીયે છીયે, રાંધનપુર નિવાસી શ્રીમંત જૈન બંધુઓ મુંબઇમાં આર્થિક અને વ્યાપારાદિ સ્થિતિમાં ઘણા આગળ વધેલા છે, તેટલુંજ નહીં પરંતુ તે જૈન બંધુઓ અનેક સાર્વજનિક ( ધાર્મિક ) અને વ્યવહારિક કાર્યોમાં હજારો રૂપૈયા ખરચે છે, છતાં આ પાંજરાપોળ તરફ કેમ હજી સુધી દૃષ્ટિ નહીં ગઇ હોય? સાંભળવા પ્રમાણે લગ્ન પ્રસંગે જમણવાર વગેરેમાં પુષ્કળ દ્રવ્ય ખરચવામાં આવે છે વળી વરઘોડા વગેરે કાર્યોમાં પણ તેમજ બને છે, તો આવા દુષ્કાળ જેવા પ્રસંગે ઢોર કે મનુષ્યો કે જેને ખાવાના ફાંફા હોય છે જો તેની સંભાળ આવા પ્રસંગોએ આવા ખર્ચ કરવા છતાં લેવામાં ન આવે તો જૈનો ખરૂં કર્તવ્ય, દયાનું સ્વરૂપ સમજતા નથી. તેમજ સમયજ્ઞપણું પણ નથી એમ બીજાઓને કહેવાનો પ્રસંગ મળે, તે પહેલાં મનુષ્ય અને ઢોરો માટે વિચાર કરવાની આવશ્યકતા છે. તે સિવાય આવા દુષ્કાળ પ્રસંગને લઇને પાંજરાપોળ માટે એક સારૂ ફંડ કરી મોટા પ્રમાણમાં ઢોરો અને મનુષ્યો બચે તેમ કરવાની અમો નમ્ર સુચના કરીયે છીયે. હાલ દુષ્કાળને લઇને દરેક સ્થળે પાંજરાપોળ માટે પોકારો થાય છે, જ્યાં બેચાર વર્ષે એક દુષ્કાળ હિંદમાં આવી ઉભો રહે છે તેવા સંયોગમાં પાંજરાપોળના વહીવટ કરનારાઓ જો આગળ પાછળ બે વર્ષની ઘાસની ખરચી ન રાખે તો આવા વર્ષોએ મુસ્કેલીઓ વધેજ, અને તે સાથે ઢોરો પણ પુષ્કળ મરી જાય. જેમ ઘાસ સીલીકે રાખવાની જ્યાં હવે ઉપયોગીતા જણાઇ છે ત્યાં સારા વર્ષોમાં પાંજરાપોળમાં પશુપક્ષીઓનું રક્ષણ વધારે પ્રમાણમાં થાય, બીન સારવાર, ઘાસ ચારાની તંગી કે બેદરકારીથી મરતાં બચે તેટલા માટે દરેક પાંજરા પોળના કાર્યવાહકોએ આવા જીવદયાના કાર્યને મુખ્ય ગણીને પોતાના બાળ બચ્ચાના જેમ પશુ પક્ષીઓની સાર સંભાળ દરેક પ્રકારનો જાતીભોગ આપીને લે તોજ મરણ સંખ્યા ઓછી આવે, હેતુ સચવાય, તે સિવાય, બીજા ઘણા કાર્યો સંભાળ માટે કરવાના છે જે પ્રસંગે જણાવીશું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ગ્રંથાવલોકન.

## શ્રી મહાવીર પ્રભુ પંચકલ્યાણક પૂજા.

ઉપરનો ગ્રંથ પ્રકાશક બંધુ માણેકલાલ નાનજી તરફથી અમોને ભેટ મળ્યો છે. દરેક મનુષ્યને કંઇને કંઇ નવીનતા ગમે છે. પૂર્વાચાર્યો કૃત અનેક પૂજાઓ વિવિધ રાગની અને ઉચ્ચ શૈલીની છતાં, ઉપર કહેવામાં આવ્યું તેમ મનુષ્યને દરેક વસ્તુમાં નવીનતા ગમતી હોવાથી સમયને અનુસરતા રાગરાગણીમાં પ્રથમ પ્રાતઃસ્મરણીય પુજ્યપાદશ્રી **આત્મારામજી મહારાજે** પાંચ પૂજાઓ બનાવેલી હતી જે લોકપ્રીય થઇ પડી છે. ત્યારબાદ ઘણા વખતે સમયને અનુસરતા રાગરાગણીમાં અને પૂજાની રચના, ગુરૂપરંપરાનો પરિચય, રચનાકાલનું અભિજ્ઞાન એ સર્વ પ્રાચીન અર્વાચીન શૈલીને અનુસરીને હાલમાં શ્રીમાન મુનિરાજશ્રી **વલ્લભવિજયજી મહારાજે** આઠ પૂજાઓ બનાવેલી હતી, જેમાં કેટલીક તો શ્રી પંચપરમેષ્ઠિ તથા શ્રી રૂષીમંડળની પૂજા તદ્દન નવીન છે; ત્યારબાદ ઉપરોક્ત શ્રી પંચકલ્યાણકની પૂજા તદ્દન નવીન રાગરાગણીથી ગુજરાતી જાણનારને કઠણ ન પડે તેવી સરલ મધુર અને હીંદી ભાષાથી જુસ્સાદાર, વાચકને આલ્હાદ ઉત્પન્ન કરે તેવી બનાવી છે. પ્રથમ ચ્યવન કલ્યાણકમાં પૂજાઓ વાંચતાં માલુમ પડે છે કે તેમાં મહાવીર પ્રભુના ૨૭ ભવનું વર્ણન આપવામાં આવેલ છે, જે સદ્બોધક છે, ત્યારપછી બીજા કલ્યાણકમાં જીવનચરિત્રનો હેતુ સમાયેલ છે.

પૂજાની શરૂઆતમાં પ્રથમના દુહાની બીજી કડીમાં કહેવામાં આવ્યું છે કે,

**" ગુણી પૂજત ગુણી હોત હે, ગાન કરત ગુણવાન;**
**ભાવત શુભ મન ભાવના, પાવત નિજ કલ્યાણ "**

એ કડી પૂજાનો શફળ ઉદ્દેશ બતાવતાં ગુણોનો પક્ષપાત કરે છે તેટલુંજ નહિ પરંતુ પૂજાનું મહાતમ્ય અને ભણાવનારના આત્માની કેવી આત્મોન્નતિ થાય છે તે પણ જણાવે છે; મતલબ કે આ પૂજાની રચના દ્રવ્યથી ઉત્તમ રાગ રાગણી, ઉતમ લેખન શૈલી જેમ સુચવે છે તેમ ભાવપૂર્વક તે ભણાવનારને ઉતમ ભાવના પણ ઉત્પન્ન કરે છે જે વાંચતાં માલમ પડે છે. દરેક બંધુ તેનો લાભ લઇ શકે તેવા હેતુથી તેની માત્ર સ્વલ્પ કીં. માત્ર ૦-૧-૦ રાખવામાં આવી છે, શ્રીમાન શાંતમૂર્તિ શ્રીમદ હંસવિજયજી મહારાજ તથા પન્યાસજી શ્રીમદ સંપતવિજયજી મહારાજ અને આ પૂજાના કર્તા શ્રીમાન્ વલ્લભવિજયજી મહારાજ ત્રણે મહાત્માનું ગયે સાલ ચાર્તુમાસ અમદાવાદ હોવાથી કંઇક યાદગીરીને સબંધ સચવાય, તેવા હેતુથી ઉક્ત મહાત્મા શ્રીમાન પન્યાસજી સંપતવિજયજી મહારાજશ્રીની સલાહ અને પ્રેરણાથી આ પૂજા બનાવવામાં આવી હોય તેમ જણાય છે. આ પૂજાના પ્રકાશક પણ બંધુ માણેકલાલ નાનજી પૂજાના ખાસ ઉપાસક અને પ્રેમી છે. તેઓ પૂજાઓ ઉપર અપૂર્વ પ્રેમ ધરાવતા હોવાથી મુંબઇ કાપડ મારકીટમાં પણ તેઓના પ્રયાસથી દર મહિનાની અમાસે મુંબઈ શહેરના જુદા જુદા દેરાલયમાં જુદી જુદી જાતની પૂજા ભણાવવામાં આવે છે એટલે કે પૂજા ઉપર ઉક્ત બંધુને પ્રેમ હોવાથી પ્રકાશક તરીકે તેમનું નામ યોગ્યસ્થાને ગોઠવાયેલું છે.

આ પૂજાની રચના અમોને વાંચતાં અતિ સુંદર લાગી છે, અને શૈલી પણ ઉત્તમ પ્રકારની હોવા સાથે તેમાં મુકવામાં આવેલા રાગ રાગણીઓ પણ મધુર અને સમયને અનુસરતા હોવાથી દરેક જૈન બંધુઓ તેનો લાભ લે તેવી અમો નમ્ર સુચના કરીએ છીએ.

મળવાનું ઠેકાણું—**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી વરતેજમાં અઠ્ઠાઇ મહોત્સવ.

પૂજ્યપાદ મહામહોપાધ્યાય **શ્રીમદ્ વીરવીજયજી મહારાજ**ના સ્વર્ગવાસ થવાથી વરતેજ ગામમાં ભાવસારના સંઘ તરફથી ત્રણ પુજા, બે સ્વામિવાત્સલ્ય તેમજ એક ભાવસાર મુળજી હંસરાજ ૧ ભાવસાર કકલ ડાહ્યા તથા ૧ ભાણુજી ગીલા તથા ૧ ભાવસાર દયાલ ધનજી અને બાકીની પૂજા વીગેરે ખર્ચ ભાવસાર ગાંડાલાલ માનસંગ વીગેરે તરફથી મળી ઉક્ત મહાત્માના સ્વર્ગવાસ નિમિત્તે અઠ્ઠાઇ મહોત્સવ વગેરે કરી નિર્વાણ મહોત્સવ કર્યો હતો. રસોડું પણ સાથે સાંભળવા પ્રમાણે ઉઘાડેલું હતું. વરતેજ ગામમાં વસતા ભાવસાર બંધુઓને પ્રથમથીજ જૈન ધર્મ ઉપર ઘણોજ પ્રેમ છે અને તેઓ ખરેખરા ગુરૂભક્ત પણ છે. ધર્મના કોઇ પણ પ્રસંગોએ વરતેજના ભાવસાર બંધુઓ ઉત્સાહ પૂર્વક યથાશક્તિ દ્રવ્ય ખર્ચીને ધાર્મીક કાર્યોમાં સારો ભાગ લે છે.

---

## " શ્રી નયોપદેશ ગ્રંથ. "

ઉપરનો ગ્રંથ અમારા તરફથી ( ન્યાયનો સંસ્કૃત ગ્રંથ ) મુનિમહારાજા તથા જ્ઞાન ભંડારોને આ સભાના ધારા મુજબ ભેટ આપવા માટે પરમપૂજ્ય પ્રાતઃસ્મરણીય આચાર્ય શ્રીમાન્ વિજયકમળસૂરીશ્વરજી મ૦ ના શિષ્ય શ્રી વ્યાખ્યાન વાચસ્પતિ મુનિરાજ શ્રી લબ્ધિવિજયજી મ૦ ના સદુપદેશથી ઉજમણા નિમિત્તે માણસા નિવાસી શેઠ દોલતરામ વેણીચંદના સુપુત્ર શા. સરૂપચંદભાઈની આર્થિક સહાય વડે આ સભા તરફથી છપાય છે જે તૈયાર થયે ઉપર જણાવ્યા પ્રમાણે ભેટ આપવામાં આવશે.

---

## શ્રીસુસઢ ચરિત્ર ( પ્રાકૃત. )

ઉપરનો પ્રાકૃત પરંતુ સરલ અને ચરિત્રનો ગ્રંથ હાલમાં અમારા તરફથી પ્રસિદ્ધ થયો છે. સંસ્કૃતના અભ્યાસી માટે તે ઉપયોગી છે. કથા પણ રસિક છે. જોવે તેઓએ અમારી પાસેથી મંગાવવો. કિંમત મુદ્દલ કરતાં પણ ઓછી રાખવામાં આવી છે. કિંમત માત્ર બે આના પોસ્ટેજ જુદું.

---

## આ માસમાં દાખલ થયેલા માનવંતા સભાસદો.

| | | |
|---|---|---|
| ૧ શ્રી આત્મારામજી જૈન પુસ્તકાલય | ડભોઈ | પે૦ વ૦ લાઇફ મેમ્બર. |
| ૨ પારેખ દુર્લભજી ઉમેદચંદ | લીંબડી | ,, વાર્ષિક મેમ્બર. |
| ૩ કપાસી નંદલાલ ખુશાલદાસ | ભાવનગર | ,, ,, |

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમારી સભાનું જ્ઞાનોદ્ધાર ખાતું.

## થોડા વખતમાં નીચેના ગ્રંથો પ્રસિદ્ધ થશે.

### છપાતા નવા ગ્રંથો.

૧ પંચસંગ્રહ  શેઠ રતનજીભાઇ વીરજી તરફથી.
૨ સત્તરિસય ઠાણ સટીક–શાહ ચુનીલાલ ખુબચંદ પાટણવાળા તરફથી.
૩ સુમુખ નૃપાદિમિત્ર ચતુષ્ક કથા શા. ઉત્તમચંદ હીરજી પ્રભાસપાટણવાળા તરફથી.
૪ ચૈત્યવંદન મહાભાષ્ય.  ૫ જૈન મેઘદૂત સટીક.
૬ પ્રાચીન જૈન લેખસંગ્રહ દ્વિતીય ભાગ. ૭ જૈન ઐતિહાસિક ગુર્જર રાસ સંગ્રહ.
૮ દ્રૌપદી સ્વયંવર નાટક.
૯ અંતગડદશાંગ સૂત્ર સટીક–ભરૂચ નિવાસી બ્હેન ઉજમબ્હેન તથા હરકોરબ્હેન તરફથી.
૧૦ શ્રી કલ્પસૂત્ર–કીરણાવળી શેઠ દોલતરામ વેણીચંદના પુત્ર રત્ન સ્વરૂપચંદભાઇ તથા તથા તેમનાં ધર્મપત્નિ બાઇ ચુનીબાઈ માણસાવાળાની દ્રવ્ય સહાયથી.
૧૧ શ્રી ઉપાસકદશાંગ બુહારીવાળા શેઠ પીતાંબરદાસ પનાજી.
૧૨ શ્રી નિર્યાવલી સૂત્ર શ્રી સીહોરના સંઘ તરફથી.

---

### છપાવવાના ગ્રંથો.

૧ સિદ્ધપ્રાભૃત સટીક.  ૨ ષટ્સ્થાનક સટીક.
૩ સંસ્તારક પ્રકીર્ણક સટીક.  ૪ શ્રાવક ધર્મ વિધિ પ્રકરણ સટીક.
૫ બંધહેતૂદય ત્રિભંગી સટીક.  ૬ બંધોદયસત્તા પ્રકરણ સટીક.
૭ વિજયચંદ કેવળી ચરિત્ર પ્રાકૃત.  ૮ વિજ્ઞપ્તિ સંગ્રહ.
૯ વિજયદેવસૂરિ માહાત્મ્ય.  ૧૦ જૈન ગ્રંથ પ્રશસ્તિ સંગ્રહ
૧૧ પ્રાચીન પાંચમો કર્મગ્રંથ.  ૧૨ લિંગાનુશાસન સ્વોપજ્ઞ ટીકા સાથે
૧૩ ધાતુ પારાયણ.

---

### નવા આગમો છપાવવાની થયેલ યોજના.

१ श्री अनुत्तरोववाईसूत्र सटीक शा. कचराभाइ नेमचद खंभातवाळा तरफथी.
२ श्री नंदीसूत्र श्रीहारिभद्रसूरिकृत टीका साथे. बुहारीवाळा शेठ मोतीचंद सुरचंद तरफथी.

For Private And Personal Use Only